Thursday, 06 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



વરસાદના સમયે બધા પક્ષીઓ આશરો શોધતા હોય છે પરંતુ બાજ વાદળની ઉપર ઉડીને વરસાદને જ ટાળી દે છે. સમસ્યાઓ સામાન્ય જ છે પરંતુ તમારી જોવાની રીત તે પરિસ્થિતિને બદલી દે છે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૩ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# દાનહ જિ.પં.ના નવનિયુક્ત મુખ્ય કાર્યકારી અધિકારી દિનેશ કુમાર મુહલે દાદરા અને દેમણી ગ્રામ પંચાયતની લીધેલી મુલાકાત

## ટ્રીટમેન્ટ ઈન્ટેકવેલ, ફિલ્ટર પ્લાન્ટ અને સરકારી શાળાઓનું નિરીક્ષણ સંબંધિત અધિકારીઓ પાસેથી વિવિધ પ્રોજેક્ટોની પ્રગતિ વિશે જાણકારી મેળવી કરેલી સમીક્ષા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૫**

દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતના નવનિયુક્ત મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી દિનેશ કુમાર મુહલએ આજે દાદરા અને દેમણી ગ્રામ પંચાયત વિસ્તારમાં ચાલી રહેલ વિવિધ વિકાસના કામો અને પીવાના પાણીની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ટ્રીટમેન્ટ ઈન્ટેકવેલ, ફિલ્ટર પ્લાન્ટ બાદ સરકારી શાળાનું નિરીક્ષણ કર્યું હતું અને સંબંધિત અધિકારીઓ પાસેથી વિવિધ પ્રોજેક્ટોની પ્રગતિ વિશે જાણકારી મેળવી હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ મહિનામાં દાનહ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે પૂરની આફત સર્જાઈ હતી અને ટીટ્રા ઈન્ટેક વેલને ભારે નુકસાન થયું હતું. તેથી પીવાના પાણીના પુરવઠામાં વિક્ષેપ નહિ પડે તે માટે તાત્કાલિક સમારકામ કરવા સીઈઓએ જણાવ્યું હતું જેથી આ વિસ્તારના રહેવાસીઓને નિયમિત સ્વચ્છ અને સલામત પીવાનું પાણી પૂરૂ પાડી શકાય. મુલાકાત દરમિયાન દાનહ જિલ્લા પંચાયત સીઈઓ શ્રી દિનેશ કુમાર મુહલે સાથે આયોજન અને વિકાસ અધિકારી શ્રી પંકજસિંહ પરમાર, સરપંચ શ્રીમતી ભારતીબેન હળપતિ, શ્રીમતી સુમિત્રાબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી કમલેશભાઈ દેસાઈ અને પંચાયત સભ્યો હાજર રહ્યા હતા.

# દાનહના દૂધની ગ્રામ પંચાયતમાં સાઈબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૫**

દાદરા નગર હવેલીના દૂધની ગ્રામ પંચાયતમાં નાગરિકોને સાઈબર ગુનાઓ પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે સાઈબર જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓનલાઈન છેતરપિંડી, નકલી કોલ, ઓટીપી ફ્રોડ, યુપીઆઈ અને બેંકિંગ ફ્રોડ, સોશિયલ મીડિયા છેતરપિંડી અને ક્યુ.આર. કોડ સ્કેમ જેવા સાઈબર ગુનાઓ અને તેનાથી બચવા અંગેની વિસ્તૃત જાણકારી ગામલોકોને આપવામાં આવી હતી.

આ અવસરે પોલીસ અધિકારીઓ દ્વારા ગ્રામજનોને સમજાવવામાં આવ્યું હતું કે, કોઈપણ અજાણ્યા વ્યક્તિની સાથે ઓટીપી બેંક ખાતા, એટીએમ કાર્ડ, સીવીવી, પિન અથવા અન્ય ગુપ્ત જાણકારી આપવી નહિ. સાઈબર ગુનાનો શિકાર હોવા પર તરત જ રાષ્ટ્રીય સાઈબર હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કરી અને નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદ દાખલ કરાવવાની જાણકારી આપી હતી. સાથે ઉપસ્થિત નાગરિકોને અપીલ કરવામાં આવી હતી કે, કોઈપણ શંકાસ્પદ લિંક પર ક્યારેય પણ ક્લિક કરવી નહિ અને ફક્ત અધિકારીક અને વિશ્વસનીય મોબાઈલ એપ્લિકેશનનો જ ઉપયોગ કરવો. દરમિયાન વિદ્યાર્થીઓ યુવાઓ અને વરિષ્ઠ નાગરિકોને સોશિયલ મીડિયાનો સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાના સંબંધમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પ્રત્યેક નાગરિકને સાઈબર ગુનાની પ્રવૃત્તિથી બચવાના ઉપાયોથી અવગત કરી સુરક્ષિત ડિજિટલ વાતાવરણના નિર્માણ કરવાનો છે. ગામના સરપંચ શ્રી સુનિલ ખાંજોડિયાએ ગ્રામજનોને અપીલ કરી કે તેઓ પોતે જાગૃત બને અને પોતાના પરિવાર અને આસપાસના લોકોને પણ સાઈબર સુરક્ષાના પ્રત્યે જાગૃત કરે. આ અવસરે પી.એસ.આઈ. શ્રી ધર્મેશ ધોડી, પોલીસ સ્ટાફ અને પંચાયત સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રથમ તીરંદાજ ખેલાડી પ્રથિત રસૂલિયાની 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર' છત્રપતિ સંભાજીનગર માટે થયેલી પસંદગી

## પ્રથિત રાજેન્દ્ર રસૂલિયા દમણના દુણેઠા ગામના વતની છે અને સેલવાસની ઝંડાચોક સ્થિત સરકારી શાળામાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે, હવે તેઓની 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર'માં પ્રસંદગી થતાં તેઓ ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા છત્રપતિ સંભાજીનગર ખાતે વિશેષ તાલીમ લેશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રથમ તીરંદાજી ખેલાડીની 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર' છત્રપતિ સંભાજીનગર(ઔરંગાબાદ) માટે પસંદગી થવા પામી છે. સંઘપ્રદેશના પ્રથમ તીરંદાજી ખેલાડી શ્રી પ્રથિત રાજેન્દ્ર રસૂલિયા દમણ જિલ્લાના દુણેઠા ગામના રહેવાસી છે અને સેલવાસની ઝંડાચોક ખાતેની સરકારી વિજ્ઞાન શાળામાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. જેઓની છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ) ખાતેના 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર' ખાતે યોજાતી આંતરરાષ્ટ્રીય



કક્ષાની રમતગમતની તાલીમ શિબિરમાં તીરંદાજી રમત માટે પસંદગી થઈ છે. સંઘપ્રદેશ દમણના એકમાત્ર તીરંદાજી ખેલાડી શ્રી પ્રથિત રાજેન્દ્ર રસૂલિયા ૨૦ થી વધુ 'રાષ્ટ્રીય તીરંદાજી ટૂર્નામેન્ટ'માં ભાગ લઈ ચૂક્યા છે. 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર'માં પસંદગી થયા બાદ હવે પ્રથિત વિશેષ તાલીમ શિબિરમાં ભાગ લેવા માટે આર્ચરી કેન્દ્ર, છત્રપતિ સંભાજી નગર (ઔરંગાબાદ) ખાતે પહોંચી ચુક્યા છે. હવે તેઓ અહીં દરરોજ તીરંદાજી રમતના પ્રેક્ટિસ સત્રમાં ભાગ લેશે અને આગામી ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય કક્ષાની રમત સ્પર્ધામાં ભાગ લેવાની સંપૂર્ણ તૈયારી કરશે.

'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર'માં અભ્યાસ માટે પસંદગી થવા બદલ દમણના તીરંદાજ શ્રી પ્રથિત રાજેન્દ્ર રસૂલિયાએ જણાવ્યું હતું કે, ''હું દમણ આર્ચરી એસોસિએશનનો આભાર માનું છું કે જેમણે મને આર્ચરી રમતમાં આગળ વધવા માટે મંચ આપ્યો.''

શ્રી પ્રથિત રાજેન્દ્ર રસૂલિયાએ શરૂઆતના કોચ શ્રી કિરણ, શ્રી રાજેન્દ્ર રસુલિયા તેમજ 'ખેલો ઈન્ડિયા સ્ટેટ એક્સેલન્સ સેન્ટર'- સેલવાસના સંચાલકોનો પણ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, મને રહેવા-જમવાની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરાવવા સાથે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના ઉચ્ચ સ્તરના કોચ શ્રી રાહુલકુમાર, શ્રી નીરજ દ્વારા આર્ચરી(તીરંદાજી)ની તાલીમ મળી. તેમણે હંમેશા તમામ ખેલાડીઓને પ્રેરણા અને ઉત્સાહ આપનારા અને જેના કારણે

- (વધુ પાના નં.૭ પર)

# દાનહની મસાટ સરકારી પ્રાથમિક શાળામાં નવી એસ.એમ.સી.નું ગઠન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૫**

દાદરા નગર હવેલી જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત મસાટ બોરાટીયા ફળિયા સરકારી પ્રાથમિક શાળામાં વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારની નવી ગાઈડલાઈન મુજબ વાલીઓ અને શિક્ષકો અને જનપ્રતિનિધિઓની સહભાગિતાથી શાળા પ્રબંધન સમિતિનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સૌ પ્રથમ શ્રી અશ્વિનભાઈ પટેલની શાળા પ્રબંધન સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ નવી સમિતિ માટે સર્વસંમતિથી શ્રીમતી વિકિતાબેન રજનેસ પટેલને પ્રમુખ અને શ્રી સંજય રમણભાઈ પટેલને ઉપ પ્રમુખ અને શાળાના મુખ્ય શિક્ષક શ્રી રણજીતભાઈ પટેલને સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.



આ શાળામાં પ્રથમ વખત શાળા વ્યવસ્થાપન સમિતિના પ્રમુખ તરીકે મહિલાની વરણી થતા વાલીઓ અને ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. બેઠકના અધ્યક્ષ શ્રી અશ્વિન પટેલે લોકભાગીદારીના મહત્ત્વ પર માર્ગદર્શન આપ્યું હતું અને નવી ચૂંટાયેલી સમિતિને શુભેચ્છાઓ પાઠવી હતી.

એસ.એમ.સી.ની રચના સરકારની ગાઈડલાઈન મુજબ કરવામાં આવી છે. જેમાં ૭૫ ટકા સભ્યો વાલીઓમાંથી અને પચાસ ટકા સભ્યો મહિલાઓ હોવી જરૂરી છે. સમિતિનો કાર્યકાળ બે વર્ષનો રહેશે અને સમિતિ શાળાના વિકાસ, બાળકોની સલામતી હાજરી, શૈક્ષણિક સ્તર અને વિકાસ યોજનાઓ પર દેખરેખ રાખશે. વાલીઓ અને સભ્યોએ નવી સમિતિને શાળાના સર્વાંગી વિકાસ માટે સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી.

બેઠકમાં હાજર રહેલા દરેકે નવા પ્રમુખ શ્રીમતી વિકિતાબેન પટેલને તથા તમામ કમિટીના સભ્યોને અભિનંદન આપી ભવિષ્યના કાર્યકાળ માટે શુભકામના પાઠવી હતી.

# સુપ્રીમ કોર્ટને મળશે પ્રથમ મહિલા ચીફ જસ્ટિસઃ રાજ્યસભામાં કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલની જાહેરાત




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૫**

ભારતને ટૂંક સમયમાં પોતાના ઈતિહાસમાં પહેલીવાર એક મહિલા મુખ્ય ન્યાયાધીશ (CJI) મળવા જઈ રહ્યા છે. રાજ્યસભામાં સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે આ અંગે મહત્વની માહિતી આપી હતી. લોકસભામાં પહેલાથી જ પસાર થઈ ચૂકેલા આ વિધેયક પર ચર્ચા બાદ રાજ્યસભામાં તેને પરત મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

વિપક્ષ દ્વારા મહિલા ન્યાયાધીશોના પ્રતિનિધિત્વ પર ઉઠાવવામાં આવેલા સવાલોનો જવાબ આપતા કાનૂન મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત ટૂંક સમયમાં જ ન્યાયતંત્રના સર્વોચ્ચ પદ પર એક મહિલા ન્યાયાધીશને જોશે. તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં જ ગુજરાત, આંધ્ર પ્રદેશ, મેઘાલય અને પટના હાઈકોર્ટમાં મહિલા મુખ્ય ન્યાયાધીશો સેવા આપી ચૂક્યા છે, જે દેશમાં નારી શક્તિને પ્રોત્સાહન આપવાના સરકારના વિઝનનો એક ભાગ છે.

- (વધુ પાના નં. ૭ પર)

**કેસોના ઝડપી નિકાલ માટે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરવામાં આવી છે**

# ૭ ઓગસ્ટના શુક્રવારે દીવમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન(એસઆઈઆર) અંગે સમીક્ષા બેઠક યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૫**

સંઘપ્રદેશના મતદાર યાદી નિરીક્ષક અને સચિવ (AHVS) શ્રી ઓંકાર ગોપાલ મરાઠે તા.૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યે દીવ જિલ્લાના માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે અને બપોરે ૩:૦૦ વાગ્યે સામાન્ય જનતા સાથે સેવા ભવનમાં બેઠક યોજશે, જેથી ખાસ સઘન સુધારા(એસ.આઈ.આર.) કાર્યની સમીક્ષા કરી શકાય અને સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી શકાય.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મતદાર યાદી નિરીક્ષક અને સચિવ (AHVS) ઓંકાર ગોપાલ મરાઠે ૭ ઓગસ્ટના રોજ ખાસ સઘન સુધારા(એસ.આઈ.આર.) કાર્યના સંદર્ભમાં દીવની મુલાકાત લેશે. આ બેઠક દરમિયાન, તેઓ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજશે.

જિલ્લા ચૂંટણી કચેરીએ તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને આ બેઠકમાં હાજરી આપવા માંગતા તમામ નાગરિકોને નિર્ધારિત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવા અને ખાસ સઘન સુધારા સંબંધિત મુદ્દાઓ પર તેમના સૂચનો અને મંતવ્યો શેર કરવા વિનંતી કરી છે.




સ્વ. ચંદ્રકાંત (નવિન) નરસિંહભાઈ પટેલ
સ્વ. તા. ૦૬-૦૮-૨૦૨૦
જન્મ તા. ૧૨-૦૮-૧૯૬૮

છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી,
દેહ હતો માનવનો, કાળજું સિંહનું,
સમય વિતતો જશે પણ યાદ તમારી સદાય રહેશે.
ભગવાન તમારા આત્માને
પરમ શાંતિ આપે એજ અમારી પ્રાર્થના...

લિ.
સંગીતાબેન ચંદ્રકાંત પટેલ (પત્ની)
કેનલ ચંદ્રકાંત પટેલ (પુત્ર) દિયા મયુર પટેલ (પુત્રી)
મયુર ઉત્તમ પટેલ (જમાઈ) શૈવી મયુર પટેલ (દોહિત્રી)

નિવાસ સ્થાનઃ પટેલ ફળિયા, ગુજરાતી સ્કૂલ પાછળ, ખારીવાડ, નાની દમણ. મો. 9574732710

દુઃખદ અવસાન /બેસણું



સ્વ. મંજુલાબેન નારણભાઈ પટેલ
જન્મ તા.૧૬/૧૨/૧૯૫૪ । સ્વ. તા.૩૧/૦૭/૨૦૨૬

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, મારા ધર્મપત્ની મંજુલાબેન નારણભાઈ પટેલનું શુક્રવાર, તા.૩૧-૦૭-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સદ્‌ગતનું બેસણુંઃ તા.૦૬-૦૮-૨૦૨૬, મંગળવારના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૦૦ વાગ્યા સુધી રાખેલ છે.
ઉત્તર ક્રિયા : તા.૧૧-૦૮-૨૦૨૬ મંગળવારના રોજ રાખવામાં આવેલ છે.

શોકતુર
નારણભાઈ ચીમનભાઈ પટેલ (પતિ)
હિમેશભાઈ નારણભાઈ પટેલ (પુત્ર)
ભાવનાબેન હિમેશભાઈ પટેલ (પુત્રવધૂ)
મંદાકિનીબેન (ખારીવાડ) (પુત્રી)
સ્વાતિબેન (કનાડુ) (પુત્રી)
રણજીતભાઈ ચીમનભાઈ પટેલ (દિયર)
સુભાષભાઈ ચીમનભાઈ પટેલ (દિયર)

નિવાસ્થાનઃ ક્રાઉન હાઈટ એપાર્ટમેન્ટ, ચોથો માળ, વિઠ્ઠલદાસ મંદિરની સામે, મોટી દમણ.




## સુવિચાર - સદ્‌વિચાર

માર્ગ મુશ્કેલ હશે પણ અશક્ય નહીં,
વિશ્વાસ રાખો - સફળતા તમારી રાહ જુએ છે.

## કવિતા

### નદીપણું તો પછી ક્યાંય નદીમાં ન રહ્યું

નદીપણું તો પછી ક્યાંય નદીમાં ન રહ્યું
બરફનું શહેર સતત સૂર્યની દિશામાં વહ્યું!

ઉઘાડબંધ થતાં જીર્ણ કમાડોનું રુદન;
દીવાલો જેમ અમે મૂક થઈ ગયા ને સહ્યું!

હવાની આંગળીએ શ્વાસના શિશુની સફર
બધી જ બાબતોમાં સાંત્વન પરાયું રહ્યું!

ન કોઈ રાતને રોકી શક્યા, ન વાત કરી,
સવાર-સાંજનેય આમ તો કશું ન કહ્યું!

પસાર થઈ ગયા એ બ્હાવરાની જેમ કિશન
ઉઠાવી ધૂળમાંથી મસ્તકે ન ફૂલ ગ્રહ્યું.

- હરકિશન જોષી

## આજની જોક

પહેલો મિત્ર (બીજાને): હું એજ કરૂં છું, જે મારૂ મન મને કહે છે.
બીજો મિત્ર : શું કહે છે તારૂ મન ?
પહેલો મિત્ર : કંઈના કર, બસ આરામ કર.



## કબીર વાણી

**તન કો જોગી સબ કરે, મન કો વિરલા કોય**
**સહજે સબ વિધિ પાઈએ, જો મન જોગી હોય**

-અર્થાત-

લોકો રોજ પોતાના શરીરને યોગ્ય રીતે સાફ કરે છે, પરંતુ પોતાના મનને સાફ કરતા નથી, જે વ્યક્તિ મનને સાફ કરે છે તેજ સાચો વ્યક્તિ કહેવાય.



## ચાણક્ય ઉવાચ

**અતિ સર્વત્ર વર્જયેત્**

-અર્થાત-

કોઈપણ વસ્તુનો અતિરેક ખરાબ છે. ભલે તે સીધી વાત હોય કે બીજી કોઈ આદત, વધુ પડતું સીધું રહેવું નુકસાનકારક છે, જેમ જંગલમાં સીધા વૃક્ષો પહેલા કાપવામાં આવે છે.

## આજનો દિન વિશેષ

### ઓમ પ્રકાશ મલ્હોત્રા

જનરલ ઓમ પ્રકાશ મલ્હોત્રા, પીવીએસએમ (૬ ઓગસ્ટ ૧૯૨૨ - ૨૯ ડિસેમ્બર ૨૦૧૫), જેઓ ઓપી મલ્હોત્રા તરીકે જાણીતા છે, ભારતીય સેનામાં એક વરિષ્ઠ સૈન્ય અધિકારી હતા જેમણે ૧૯૭૮-૧૯૮૧ સુધી ભારતીય સેનાના ૧૦મા ચીફ ઓફ આર્મી સ્ટાફ તરીકે સેવા આપી હતી. ભારતમાં તેમની લશ્કરી સેવામાંથી નિવૃત્તિ લીધા પછી, તેમણે ૧૯૮૧-૧૯૮૪ દરમિયાન ઈન્ડોનેશિયામાં ભારતીય રાજદૂત તરીકે ભારતીય વિદેશ સેવામાં સેવા આપી હતી, અને બાદમાં ૧૯૯૦-૧૯૯૧ દરમિયાન પંજાબના રાજ્યપાલ અને ચંદીગઢના પ્રશાસક તરીકે ભારતમાં રાજકીય વહીવટકર્તા તરીકે સેવા આપી હતી.



**પ્રારંભિક જીવન**

ઓમ પ્રકાશ મલ્હોત્રાનો જન્મ ૬ ઓગસ્ટ ૧૯૨૨ના રોજ શ્રીનગર, જમ્મુ અને કાશ્મીર, બ્રિટિશ ભારતના ઢાઈ ઘર પરિવારના એક પંજાબી હિન્દુ ખત્રી પરિવારમાં થયો હતો. મલ્હોત્રાએ પહેલા શ્રીનગરની મોડેલ હાઈસ્કૂલ અને પછી શ્રી પ્રતાપ કોલેજ, શ્રીનગરમાં શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ તેમણે લાહોરની સરકારી કોલેજ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો અને પછી ડેરાદૂન સ્થિત ભારતીય લશ્કરી એકેડેમી (IMA) માં જોડાવા માટે પસંદગી પામ્યા હતા.

**લશ્કરી કારકિર્દી**

નવેમ્બર ૧૯૪૧માં તેમને સેકન્ડ લેફટનન્ટ તરીકે રેજિમેન્ટ ઓફ આર્ટિલરીમાં કમિશન આપવામાં આવ્યું. તેમની પહેલી સોંપણી ઉત્તર પશ્ચિમ સરહદી પ્રાંતના રઝમાકમાં ૨૬ (જેકબ્સ) માઉન્ટેન બેટરી સાથે હતી. બાદમાં તેમને ૧૫ (જેલમ) માઉન્ટેન બેટરીમાં સોંપવામાં આવ્યા હતા, જે ૫૦મી પેરાશૂટ બ્રિગેડના ભાગ રૂપે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બર્મીઝ મોરચે જાપાનીઓ સામે લડી હતી. તેમણે સંશાકના યુદ્ધમાં એક યુવાન અધિકારી તરીકે પોતાને અલગ પાડ્યા હતા જ્યાં તેઓ યુદ્ધમાં ઘાયલ થયા હતા. બાદમાં તેઓ ૧૩ (દરદોની) માઉન્ટેન બેટરીના સેકન્ડ-ઈન-કમાન્ડ બન્યા.

## રેસીપી : દુધીના મુઠિયા

માત્ર ૧૫ મિનિટમાં તૈયાર થતી અને ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય એવી દૂધી મુઠિયા અથવા મસાલા દાળની રેસીપી તરલા દલાલની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ૧૫ મિનિટની તૈયારી અને કુકિંગ માટેની મુલાકાત લો. ઈન્સ્ટન્ટ દૂધી મુઠિયા આ વાનગી સ્વાદિષ્ટ હોવા સાથેસાથે ખૂબ જ આરોગ્યપ્રદ પણ છે.

**જરૂરી સામગ્રીઃ** દૂધી (છીણેલી) ૧ ૧/૨ કપ ચણાનો લોટ, ૧ કપ ઘઉંનો લોટ, ૧/૨ કપ આદુ-મરચાંની પેસ્ટ, ૧ ચમચી હળદર, ૧/૨ ચમચી તેલ, ૨ ચમચી મીઠું, સ્વાદાનુસાર વઘાર માટે રાઈ, જીરૂ, તલ અને લીમડો

**બનાવવાની રીત :** ૧. એક બાઉલમાં દૂધી, ચણાનો લોટ, ઘઉંનો લોટ, હળદર, આદુ-મરચાં, મીઠું અને ૧ ચમચી તેલ ઉમેરીને કઠણ કણક બાંધો (પાણીની જરૂર ન પડે તો ન વાપરવું). ૨.આ મિશ્રણમાંથી નાના-નાના રોલ (મુઠિયા) બનાવો. ૩. મુઠિયાને ૧૦ થી ૧૨ મિનિટ સુધી વરાળમાં (સ્ટીમરમાં) બાફી લો. ૪. બાફેલા મુઠિયાના નાના ટુકડા કરો. ૫. એક કડાઈમાં ૧ ચમચી તેલ ગરમ કરી તેમાં રાઈ, જીરું, તલ અને લીમડાનો વઘાર કરો. તેમાં મુઠિયા ઉમેરીને ૨ મિનિટ સાંતળો. ૬. ગરમાગરમ મુઠિયા તૈયાર છે.

# દીવના મેઈન રોડ પર આવેલ ઓમકારનાથ મહાદેવ મંદિરનું ડિમોલેશન, ભક્તોએ નમ આંખે જોયું દૃશ્ય



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના મઈન રોડ પર આવેલ ઓમકારનાથ મહાદેવ મંદિરનું આજે દીવ પ્રશાસન દ્વારા ડિમોલેશન કરવામાં આવ્યું હતું.આ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા અને મંદિરનું ડિમોલેશન નમ આંખે નિહાળ્યું હતું.

આ મંદિર ખાતે વર્ષ દરમિયાન મહાશિવરાત્રી સહિત વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી કરવામાં આવતી હતી. દરરોજ અનેક શ્રદ્ધાળુઓ, ખાસ કરીને સિનિયર સિટિઝનો, અહીં ભગવાન શિવના દર્શન, પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે આવતા હતા.

ડિમોલેશનની કાર્યવાહી પહેલાં મંદિર ખાતે સ્થાપિત ભગવાન શિવના શિવલિંગ સહિત બાપા સીતારામ, શ્રી ગણપતિદાદા અને શ્રી હનુમાનદાદાની મૂર્તિઓને ધાર્મિક વિધિ મુજબ સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવી હતી.ત્યારબાદ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રશાસન દ્વારા મંદિરનું ડિમોલેશન કરી સ્થળનો કબજો લેવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા અને વર્ષોથી આસ્થાનું કેન્દ્ર રહેલા મંદિરને તૂટી પડતુ જોઈ ભાવુક બની ગયા હતા.

# દીવ વણાંકબારા સ્થિત 'રવિ ઉમંગ' દુકાન પર ખાદ્ય સુરક્ષા વિભાગની કાર્યવાહી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૫**

ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ, ૨૦૦૬ હેઠળ ખાદ્ય સુરક્ષા વિભાગ, દીવ દ્વારા વણાંકબારા સ્થિત 'રવિ ઉમંગ'(ઓલ્ડ બસ સ્ટેન્ડ સામે) પર અચાનક નિરીક્ષણ કરવામાં આવ્યું.

નિરીક્ષણ દરમિયાન દુકાનમાં મોટી માત્રામાં એક્સપાયરી ખાદ્ય સામગ્રી વેચાણ માટે રાખવામાં આવી હોવાનું જણાયું. સંબંધિત ખાદ્ય સામગ્રીને તાત્કાલિક જપ્ત (Seize) કરવામાં આવી. આ પણ જાણવા મળ્યું કે આ પ્રતિષ્ઠાન વિરૂદ્ધ અગાઉ પણ અનેક વખત એક્સપાયરી ખાદ્ય પદાર્થો મળવા બદલ ચેતવણી આપવામાં આવી હતી, છતાં વારંવાર સૂચનાઓનો અવગણો કરવામાં આવ્યો હતો.

ઉપભોક્તાઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને ખાદ્ય સુરક્ષા અધિકારી શ્રી ટિંકેશ હસમુખલાલ બામણિયા દ્વારા આ દુકાનને ૩ દિવસ માટે બંધ (Closure) કરવાની કાર્યવાહી કરવામાં આવી. સાથે જ પ્રતિષ્ઠાન સંચાલકને સૂચના આપવામાં આવી છે કે તે ત્રણ દિવસની અંદર સમગ્ર પરિસરની સફાઈ કરી તમામ એક્સપાયરી ખાદ્ય પદાર્થો દૂર કરીને વિભાગને જાણ કરે. ત્યારબાદ વિભાગ દ્વારા પૂનઃ નિરીક્ષણ (Re-inspection) કરવામાં આવશે. સંતોષકારક સ્થિતિ જણાય તો જ દુકાન ફરીથી ખોલવાની મંજૂરી આપવામાં આવશે.

સાથે જ સંબંધિત પ્રતિષ્ઠાનને નિયમ મુજબ નોટિસ જારી કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.આ કાર્યવાહી ડૉ.અશોક કુંચાળા, ડિઝિગ્નેટેડ ઓફિસરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. ખાદ્ય સુરક્ષા વિભાગે તમામ ખાદ્ય વ્યવસાય સંચાલકોને અપીલ કરી છે કે, તેઓ એક્સપાયરી ખાદ્ય સામગ્રીનું વેચાણ ન કરે તથા ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમના તમામ પ્રાવધાનોનું કડક પાલન કરે. નિયમોના ઉલ્લંઘન જણાય તો ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

# સોની ઈન્ડિયાએ ૧૧૫ ઈંચ ટ્રુ આરજીબી ટેલિવિઝન લોન્ચ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૫**

સોની ઈન્ડિયાએ આજે તેની ફલેગશિપ BRAVIA 9II શ્રેણી હેઠળ નવા ૧૧૫ ઈંચ (૨૯૨ સેમી) મોડેલની રજૂઆત કરી છે. આ સોનીનું અત્યાર સુધીનું સૌથી મોટું BRAVIA ટેલિવિઝન છે. આ નવી ફલેગશિપ શ્રેણી ખૂબ જ વિશાળ સ્ક્રીનના ઈમર્સિવ અનુભવને સોનીની અદ્યતન ટ્રુ આરજીબી ટેક્નોલોજી સાથે જોડીને અદ્વિતીય સિનેમેટિક જોવાનો અનુભવ પ્રદાન કરે છે. મોટી સ્ક્રીન હવે ફિલ્મો, ગેમિંગ અને લાઈવ સ્પોર્ટ્સનો આનંદ માણવાનો મુખ્ય માધ્યમ બની રહી છે.

**કિંમત અને ઉપલબ્ધતા :** સોની ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુનીલ નૈયરે જણાવ્યું હતું કે, 'સોનીમાં અમારૂ વિઝન હંમેશાં દરેક ઘરમાં સિનેમાનો જાદુ પહોંચાડવાનું રહ્યું છે. નવા ૧૧૫ ઈંચ (૨૯૨ સેમી) BRAVIAના લોન્ચ સાથે અમે 'સિનેમા ઈઝ કમિંગ હોમ' ના અમારા સંકલ્પને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ.

ફલેગશિપ BRAVIA9IIના નવા ૧૧૫ ઈંચ (૨૯૨ સેમી) મોડેલની રજૂઆત સાથે સોનીએ તેના 'સિનેમા ઈઝ કમિંગ હોમ' વિઝનને વધુ મજબૂત બનાવ્યું છે. આ અભિયાનમાં જાણીતા ફિલ્મ નિર્માતા અને સોની BRAVIA બ્રાન્ડ એમ્બેસેડર એસ.એસ.રાજામૌલી પણ જોડાયેલા છે, જેઓ વર્ષ ૨૦૨૪થી આ બ્રાન્ડનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

# દીવના વણાંકબારામાં શ્રી જલારામ બાપા મંદિરનો ૧૮મો પાટોત્સવ ધામધૂમ અને શ્રદ્ધાભાવ સાથે ઉજવાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૫**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના વણાંકબારા સ્થિત જલારામ સોસાયટીમાં આવેલ શ્રી જલારામ બાપા મંદિર ખાતે આજે ૧૮મા પાટોત્સવની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. પાટોત્સવ નિમિત્તે વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો.

કાર્યક્રમની શરૂઆત વહેલી સવારે ભગવાન જલારામ બાપાની પૂજા-અર્ચના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ સવારે ૮:૩૦ કલાકે ભવ્ય કળશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કળશયાત્રા વણાંકબારાના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ફરી મંદિર ખાતે પહોંચી હતી, જેમાં મોટી સંખ્યામાં મહિલા-પુરૂષ ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કળશયાત્રા પૂર્ણ થયા બાદ પંડિતજીઓના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે વિધિવત હવન-પૂજન યોજાયું હતું. ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ હાજરી આપી ભગવાન જલારામ બાપાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

પાટોત્સવ દરમિયાન ભજન-કીર્તન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને ભક્તિભાવ, શ્રદ્ધા તથા ઉત્સાહ સાથે ૧૮માં પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન બામણીયા જીવાભાઈ સિદીભાઈ અને જલારામ સોસાયટી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### રૂ.૪.૫૩ કરોડની છેતરપિંડીનો મુખ્ય આરોપી

# સુરતના કરોડોના કાપડ કૌભાંડનો પર્દાફાશ થયો

## તે સમગ્ર માલ બારોબાર વેચીને રફૂચક્કર થઈ ગયો હતો અને લાંબા સમયથી ફરાર ચાલી રહ્યો હતો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૫**

સુરત શહેરમાં વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનાર એક કુખ્યાત કૌભાંડનો પર્દાફાશ થયો છે. સુરત ઈકો સેલ પોલીસે મોટી કાર્યવાહી કરીને અંદાજે રૂપિયા ૪.૫૩ કરોડના ટેક્સટાઈલ માર્કેટ કાપડ કૌભાંડના મુખ્ય સૂત્રધાર રોહિત તેલપૂરિયાને દબોચી લેવામાં મોટી સફળતા મેળવી છે.



આ કૌભાંડનો પદ્ધતિસરનો ભાંડો ફૂટ્યો છે કે આરોપીએ શરૂઆતના તબક્કામાં વેપારીઓ સાથે વ્યવહાર રાખી સમયસર પેમેન્ટ ચૂકવીને તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ જ્યારે ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓ પાસેથી વિશાળ પ્રમાણમાં કાપડનો જથ્થો ઉધાર મેળવ્યો, ત્યારે તે સમગ્ર માલ બારોબાર વેચીને રફૂચક્કર થઈ ગયો હતો અને લાંબા સમયથી ફરાર ચાલી રહ્યો હતો.

ઈકો સેલ પોલીસ દ્વારા ઝડપાયેલા મુખ્ય સૂત્રધાર રોહિત તેલપૂરિયાને કોર્ટમાં રજૂ કરીને તેના ૭ દિવસના પોલીસ રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આ કૌભાંડમાં તેની સાથે સંકળાયેલા અન્ય સાગરિતો અને બારોબાર વેચેલા કાપડ તથા નાણાકીય વ્યવહારો અંગે સઘન પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી છે.

**વર્તમાન પ્રવાહ**

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**

**સંજય તાડા - 99244 66899 /**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

### કાયદો અને વ્યવસ્થા સામે સવાલ

# ભેસ્તાન વિસ્તારમાં યુવકની કરપીણ હત્યાથી ચકચાર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૫**



સુરત શહેરમાં અપરાધની દુનિયામાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં ભેસ્તાન વિસ્તારમાં એક યુવકની અતિ ઘાતકી રીતે હત્યા કરવામાં આવી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.પ્રાથમિક તપાસ અને લોકચર્ચા અનુસાર આ હત્યા જૂની અદાવત કેઅદાવતી દુશ્મનાવટના કારણે થઈ હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ચોંકાવનારી વાત એ છે કે, મૃતક યુવક પોતે પણ અગાઉ હત્યાના એક ગંભીર ગુનામાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે, જેના કારણે આ કેસ ગેંગવૉર કે જૂની દાઝ સાથે જોડાયેલો હોઈ શકે છે.આ હત્યાકાંડ દરમિયાન ગોળીબાર એટલે કે ફાયરિંગ થયું હોવાની પણ ભારે ચર્ચા જાગી છે. હાલ પોલીસે મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે અને આ ગુનામાં સંડોવાયેલા હુમલાખોરોનેઝડપીપાડવામાટેજુદી જુદી ટીમો બનાવીને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી છે.

# લાયન્સ ડિસ્ટ્રીક્ટ 3232F2માં સેવાના નવા અધ્યાયનો પ્રારંભ: સુરત ખાતે ભવ્ય કેબિનેટ ઈન્સ્ટોલેશન યોજાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૫**

લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 F2ના વર્ષ ૨૦૨૬-૨૭ના ૨૩મા ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારોહનું ધ ફર્ન વિશ્રાંતા બાય મેરિયોટ, કામરેજ, સુરત ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન શ્રી હેમલ પટેલના નેતૃત્વમાં યોજાયેલા આ સમારોહમાં ડિસ્ટ્રિક્ટના લાયન્સ અગ્રણીઓ, હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં લાયન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત વિવિધ રીજીયનોના સભ્યો દ્વારા ગ્લોબલ કોઝ અંતર્ગત હાથ ધરાયેલા સેવા કાર્યોના બેનર પ્રેઝન્ટેશનથી થઈ હતી, જેમાં સમગ્ર ડિસ્ટ્રિક્ટની સેવાકીય પ્રવૃત્તિઓની પ્રેરણાદાયી ઝલક રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આકર્ષક સ્વાગત નૃત્ય દ્વારા મહેમાનાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કેબિનેટ ઈન્સ્ટોલેશન ચેરમેન લાયન શ્રી સંજીવ કેસરવાનીએ સૌ મહાનુભાવો અને સભ્યાનું સ્વાગત કર્યું હતું. વાઈસ ચેરમેન ડૉ.ભાનુ પટેલએ નંદીઘોષનું મહત્વ સમજાવી કાર્યક્રમની ભાવના વ્યક્ત કરી હતી. જ્યારે વાઈસ ચેરમેન લાયન શ્રી મુકેશ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ‘પદ માત્ર ઓળખ નથી, પરંતુ વિશ્વાસનું પ્રતિક છે. વિનમ્રતા સાથે કાર્ય કરો, પારદર્શિતા સાથે નિર્ણયો લો અને દરેક ક્લબને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહો.

ત્યારબાદ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન શ્રી હેમલ પટેલે તમામ મહેમાનોને ટીબી કિટ અર્પણ કરી તેમનું સન્માન કર્યુ હતું. દીપ પ્રાગટ્ય સાથે સમારોહનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી લાયન કીર્તિ ખિલોશિયા દ્વારા ફલેગ સેલ્યુટેશનનું વાચન કરી સભાની શિસ્ત જાળવવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

જિલ્લા ગવર્નર શ્રી હેમલ પટેલે જણાવ્યું હતું કે, નવા સેવા વર્ષની શરૂઆત સાથે જ ડિસ્ટ્રિક્ટની વિવિધ ક્લબો દ્વારા રૂ.૧.૫૦ કરોડથી વધુના સેવા પ્રકલ્પોની જાહેરાત કરવામાં આવી છે, જે સમાજ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. ઉપરાંત સભ્યો દ્વારા લગભગ રૂા. ૨૫ લાખનું LCIFમાં દાન આપવામાં આવ્યું છે, જેનો લાભ વિશ્વભરમાં માનવસેવાના કાર્યો માટે મળશે.

ઈન્સ્ટોલિંગ ઓફિસર લાયન શ્રી રાજ મુચ્છાલે પોતાની આગવી શૈલીમાં સૌપ્રથમ ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન પ્રિયંકા જૈન રાવલ તથા ત્યારબાદ સેકન્ડ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દર્શના તુર્કિયાનું ઈન્સ્ટોલેશન કરાવ્યું હતું. ત્યારબાદ ઈમિડિયેટ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન શ્રીમતી મોના દેસાઈએ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન શ્રી હેમલ પટેલને ગેવલ અર્પણ કરી નતૃત્વનું પ્રતિકાત્મક હસ્તાંતરણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે લાયન્સના પાંચ મહત્વપૂર્ણ સિદ્ધાંતો સમજાવી જિલ્લા હોદ્દેદારાને સેવાભાવ, સમર્પણ અને ટીમવર્ક સાથે કાર્ય કરવાની પ્રેરણા આપી હતી.

સમારોહમાં સ્પેશિયલ ગેસ્ટ લાયન આરતી ધનબાલનએ પોતાના પ્રેરણાદાયી જીવનપ્રસંગો રજૂ કરી લાયન્સ સભ્યોને વધુ ઉત્સાહ, કરૂણા અને સમર્પણ સાથે માનવસેવાના કાર્યોમાં જોડાવાનું આહ્વાન કર્યુ હતું.

સમારોહામાં ડિસ્ટ્રિક્ટ કેબિનેટના હોદ્દેદારો, રીજીયન ચેરપર્સન, ઝોન ચેરપર્સન, GAT ટીમ, ડિસ્ટ્રિક્ટની તમામ લાયન્સ ક્લબોના પ્રમુખો, સેક્રેટરીઓ, હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં લાયન સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

સમગ્ર સમારોહ ઉત્સાહ, શિસ્ત, એક્તા અને સેવાભાવના અનોખા સમન્વય સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. નવા સેવા વર્ષ માટેના સંકલ્પો સાથે લાયન્સ પરિવાર સમાજસેવાને વધુ વેગ આપવાના નિર્ધાર સાથે આગળ વધ્યો હતો. ઉપસ્થિત સભ્યોએ સમારોહને યાદગાર ગણાવી જિલ્લા ગવર્નર લાયન શ્રી હેમલ પટેલના નેતૃત્વમાં સેવા વર્ષ ૨૦૨૬-૨૭ને ઐતિહાસિક બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ચીખલી તાલુકાના દોણજા ગામે

# કાવેરી નદીના લો-લેવલ કોઝવે પર પાણી ન ઓસરતા ૧૫ દિવસથી વાહન વ્યવહાર બંધ

### હાથીનગર અને નાની ખાડીના રહિશો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી

**ડેરી, પ્રાથમિક શાળા, ગ્રામપંચાયત, પોસ્ટ ઓફીસ બીજા છેડે હોય, ગામમાં જવા માટે ૧૦થી ૧૨ કિમીનો લાંબો ચકરાવો કાપવો પડી રહ્યો છે**



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૦૫**

ચીખલી તાલુકાના દોણજા ગામે કાવેરી નદી પરનો લો-લેવલ કોઝ-વે છેલ્લા દિવસોમાં ચીખલી અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે પૂરના પાણીમાં ગરકાવ રહ્યો હતો. અને ગામના હાથી નગર, નાની ખાડી ફળિયાના રહીશોનો ગામથી સીધો સંપર્ક કપાતો હોય છે.

જોકે, વરસાદનું જોર ધીમું પડ્યા બાદ પણ આ લો-લેવલ કોઝ-વે પરથી પુરેપુરા પાણી ઓસર્યા નથી.કોઝ-વેમાં વચ્ચે ધોવાણ થયેલ હોય તેવામાં આ કોઝ-વે પરથી પસાર થવાનું વધુ જોખમી હોય છે. તેવામાં આજે ૧૫-દિવસે પણ કોઝ વે પરથી વાહન વ્યવહાર થઈ શકતો ન હોવાથી ગામના હાથીનગર અને નાની ખાડીના રહીશાની મુશ્કેલીનો પર રહ્યો નથી.

દોણજા ગામમાં પ્રાથમિક શાળા, ડેરી, ગ્રામ પંચાયત, પોસ્ટ ઓફીસ બીજા છેડે હોય તેવાં હાથીનગર અને નાની ખાડીના લોકોને ગામમાં નાના-મોટા કામો માટે અવાર નવાર જવું પડતું હોય છે. પરંતુ કોઝ-વે પરથી પાણી ન ઓસરતા લોકોએ દસથી બાર કિમીનો લાંબો ચકરાવો કાપવો પડતો હોય છે અને બાળકો શાળામાં ન જઈ શકતા તેઆનું શિક્ષણ પણ બગડી રહ્યું છે.

દોણજા ગામની આ સમસ્યાનું આઝાદીના વર્ષો બાદ પણ નિરાકરણ આવ્યું નથી જે ગતિશીલ ગુજરાતની વાસ્તવિક્તા છતી કરે છે. ત્યારે તંત્ર દ્વારા સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ કાવેરી નદી પર પૂરતી ઊંચાઈવાળા નવા બ્રિજનું કામ ચોમાસા બાદ ઝડપથી શરૂ કરાવવામાં આવે તે જરૂરી છે.

# નારી વંદન ઉત્સવ અંતર્ગત ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ દિવસની ઉજવણી નિમિત્તે જાગૃતિ સંમેલન યોજાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યની પ્રેરણા અનુસાર આયોજિત ‘‘નારી વંદન ઉત્સવ’’ અંતર્ગત આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત - વલસાડ દ્વારા આરોગ્ય શાખા હોલ, જૂની મેડિકલ કોલેજ બિલ્ડિંગ, નાનકવાડા, વલસાડ ખાતે ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ દિવસની ઉજવણી નિમિત્તે જાગૃતિ સંમેલન યોજાયું હતું.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી (WCO) શ્વેતા આર. દેસાઈ દ્વારા ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ યોજના, ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તાલુકા આરોગ્ય અધિકારી, ઉમરગામ દ્વારા PCPNDT Act અંતર્ગત પ્રસૂતિ પૂર્વ લિંગ નિર્ધારણ પ્રતિબંધ અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, વલસાડના આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતી રેણુકાબેન ઉદાર મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. સ્વાતિ પટેલ દ્વારા મહિલા સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા (Menstrual Hygiene) વિષય પર ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ શ્રીમતી પૂર્વીબેન રાઠોડ, ચેરપર્સન-જિલ્લા PCPNDT સમિતિ દ્વારા PCPNDT Act, લિંગ નિર્ધારણ પ્રતિબંધ, કાયદાકીય જોગવાઈઓ તેમજ સમાજમાં દીકરી પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવાની આવશ્યકતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં નવજાત જન્મેલ દીકરી માટે ‘દીકરી વધામણાં કીટ’ તેમજ ‘બેટી બચાવો, બેટી પઢાવો’ યોજના અંતર્ગત ‘વ્હાલી દીકરી યોજના’ના મંજૂરી હુકમોનું મહાનુભાવોના હસ્તે લાભાર્થી માતા-પિતાને વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીકરીના જન્મને વધાવવાનો, તેના શિક્ષણ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો તથા સમાજમાં દીકરી પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન PCPNDT અધિનિયમ, મેનસ્ટ્રુઅલ હાઈજિન, મહિલાઓના આરોગ્ય અને સ્વચ્છતા તેમજ ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ યોજના અંગે માહિતીપ્રદ વિડિયો ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ સંમેલનમાં મહિલા મેડિકલ ઓફિસરો, મહિલા CHO, ફિમેલ હેલ્થ સુપરવાઈઝરો, આશા ફેસિલિટેટરો, આશાબહેનો તેમજ જિલ્લા આરોગ્ય વિભાગનો સમગ્ર સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને પ્રતિભાગીઓને ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ અભિયાનને સફળ બનાવવા, દીકરીના જન્મને વધાવવા, તેના શિક્ષણને પ્રોત્સાહન આપવા અને લિંગ સમાનતા જાળવવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# શ્રી લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ વલસાડ, ચીખલી અને વાંસદા દ્વારા મહિલા પ્રેરણા ઉત્સવ અને વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાયો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

શ્રી લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ વલસાડ, ચીખલી અને વાંસદા દ્વારા મહિલા પ્રેરણા ઉત્સવ અને વાર્ષિક સ્નેહમિલન સમારંભ ઓધવ ભવન, વલસાડ ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ખોડલધામના ટ્રસ્ટી અને મહિલા આગેવાન શ્રીમતી જેનીબેન ઠુમ્મરે જણાવ્યું કે, દેશ અને રાજ્યની સફળ મહિલાઓ તેમના જીવનમાં ઘણો ભોગ આપીને આગળ આવી છે. સમાજની બહેનો અને દીકરીઓની પ્રતિભા, નેતૃત્વ ક્ષમતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળે તે માટે આવા કાર્યક્રમો જરૂરી છે. તેમણે ટકોર કરતાં જણાવ્યું હતું કે, બહેનોને સ્વતંત્રાતા મળતાં સ્વછંદતામાં દોરાવું ન જોઈએ.

આ પ્રસંગે પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રીમતી ઘીનૈયા કોમલબેને જણાવ્યું હતું કે, સમાજમાં પરિવાર ભાવના સાથે બહેનો આજે સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી આગળ આવી છે. તેમાં તેમની માતાઓનું પણ મહત્વનું યોગદાન છે. તે માટે માતાઓને પણ સન્માન આપવું જરૂરી છે.

વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા આગેવાન જીનીબેન ઠુમ્મર અને મહાનુભાવોના હસ્તે સન્માનપત્ર આપી તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સફળ મહિલાઓએ તેમના પ્રતિભાવો દ્વારા સૌને પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં સમાજના ટ્રસ્ટી નિકુંજભાઈ ક્યાડાએ સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે, બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, કુદરતી આપત્તિ સમયે સહાય કેમ્પ તેમજ મેડિકલ કેમ્પની વિસ્તૃત જાણકારી આપી હતી.

સમારંભમાં વાપી સમાજના પ્રમુખ નાનુભાઈ બાંભરોલીયા, અગ્રણીશ્રી દિપકભાઈ ગુંદણીયા, દિનેશભાઈ સુદાણી, નિકુંજભાઈ ક્યાડા, જીતભાઈ રંગાણી, હેમલભાઈ સાવલીયા, વિજયભાઈ ઠુમ્મર, મહેશભાઈ ગજેરા, કીરીટભાઈ ગોંડલીયા, ભદ્રેશભાઈ સુદાણી, નીલેશ વોરા, વિજયભાઈ વિસાવડીયા, સંજયભાઈ ગજેરા વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નવરંગબેન સુદાણી અને ઉપસ્થિત મહિલાઓએ કર્યું હતું.

## વલસાડની રીનાપાર્ક સોસાયટી દ્વારા

# પૂરગ્રસ્ત પરિવારોને જીવન જરૂરી સામગ્રી સાથે કિટ અપાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

વલસાડ શહેરને હચમચાવી દેનાર વરસાદી તાંડવે ગત સપ્તાહે અનેક વિસ્તારોને બાનમાં લીધા હતા. જ્યાં જૂઓ ત્યાં ખાના ખરાબીનો માહોલ સર્જાયો હતો. ઔરંગાના ધસમસતા પાણીના પ્રવાહે અનેક પરિવારોને બેઘર બનાવી દીધા હતા. આ પૂરગ્રસ્તોની વહારે શહેરની અનેક સામાજીક સંસ્થાઓ આવી હતી. માનવીય સેવાના આ ભગીરથ કાર્યમાં તિથલ રોડ પર આવેલી રીનાપાર્ક સોસાયટીના પરિવારજનો પણ જોડાયા હતા. રીનાપાર્ક સોસાયટી ‘હેલ્પિંગ હેન્ડ’ સેવા અભિયાન દ્વારા પૂરમાં અસરગ્રસ્ત થયેલા પરિવારોની માહિતી એકઠી કરી તેમને જીવન જરૂરી સામગ્રી આપવાનું નક્કી કરાયું હતું. જેમાં પૂરગ્રસ્ત હનુમાન ભાગડા વિસ્તારના બોરડીયા ફળિયામાં રીનાપાર્ક પરિવાર દ્વારા દાળ-ચોખા, ઘઉંનો લોટ-જુવારનો લોટ, ખાંડ અને તેલની સહાય કીટ પહોંચાડવામાં આવી હતી.

આ ઉપરાંત ઉમરગામના ગ્રામ્ય પંથકમાં પૂરગ્રસ્ત પરિવારોને પહેરવા લાયક જૂના કપડાં અને જરૂરી વાસણો પણ પહોંચાડવામાં આવ્યા હતા.

# નાનાપોંઢાના કરાયા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૫**

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના કરાયા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન GPKVB (ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ)ના માસ્ટર ટ્રેનર રિસોર્સ પર્સન ધર્મેશભાઈ પટેલ, BTM (બ્લોક ટેક્નોલોજી મેનેજર) અંકુરભાઈ પ્રજાપતિ, ATM આસિસ્ટન્ટ ટેક્નોલોજી મેનેજર જયશ્રી ટંડેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમમાં તજજ્ઞોએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. જમીનની ફળદ્રુપતા વધે છે. દેશી ગાયનું જતન સંવર્ધન થાય છે. કૃષિ ખર્ચ ઘટતા અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધારે મળતા ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ મજબૂત થાય છે. ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રને તેનાથી વધુ પ્રોત્સાહન મળે છે, જેના થકી ગરીબી અને બેરોજગારી જેવી પાયાની સમસ્યાઓનું પણ નિવારણ થાય છે. એક દેશી ગાયના છાણ અને ગૌમુત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે જેમાં ઉપયોગી દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર સાથે બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રમાણમાં ઓછા ખર્ચાળ હોય છે તેની વિરુદ્ધ રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને કારણે ખેતરમાં લાભકારી જીવોનો ક્ષય થાય છે, જ્યારે જીવામૃત, ઘનજીવામૃત અને આચ્છાદનથી અળસિયા જેવા લાભકારી જીવોની વૃદ્ધિ થાય છે જે કૃષિ પાકને પોષણ આપે છે.

આ ઉપરાંત વાતાવરણમાંથી નાઈટ્રોજનને જમીનમાં સ્થાપિત કરે છે. આમ, પ્રાકૃતિક કૃષિનો સ્વીકાર એ ટકાઉ વિકાસ માટે પણ ખૂબ અનિવાર્ય બની જાય છે તેથી તેના પ્રચાર અને પ્રસાર માટે લોકોમાં તેના ફાયદાઓ અંગે જાગૃતતા ફેલાવવા અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિકલ્પોને અપનાવવા જરૂરી માહિતી આપી હતી. આ ઉપરાંત ખેડૂતોને કિસાન સારથી એપ ડાઉનલોડ કરાવી એની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા રોહીદ વાલનેર તથા ઈલાવ પ્રાથમિક શાળામાં રજીસ્ટર તથા એજ્યુકેશન કીટ વિતરણ કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**ઓલપાડ, તા.૦૫:** વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયનાં ભાગરૂપે સેવાકીય સંસ્થા રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા હાંસોટ તાલુકાની રોહીદ, વાલનેર તથા ઈલાવ કુમાર અને કન્યા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ફુલસ્કેપ રજીસ્ટર તથા એજ્યુકેશનલ કીટનું વિતરણ પ્રેસિડેન્ટ સુનિલ નાડકર્ણી, સેક્રેટરી પ્રણવ બ્રહ્મભટ્ટ, મંથલી સર્વિસ પ્રોજેક્ટ ચેર ગજેન્દ્ર પટેલ, પ્રોજેક્ટ ચેર જીજ્ઞેશ પટેલ, ટ્રેઝરર સંજય પ્રજાપતિ, મેમ્બરશીપ ચેર હેતલ પટેલ, રોટેરીયન ઓપી સિંગ, હિરેન શાહની ઉપસ્થિતિમાં શાળાનાં બાળકોને વિતરણ કરવામાં આવ્યું. શાળા પરિવાર દ્વારા રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# ભારતની મફત UPI પેમેન્ટ સિસ્ટમને ઝટકો આપવાની તૈયારીમાં સરકાર

## ૨ હજાર રૂપિયાથી વધુના UPI પેમેન્ટ પર ચાર્જ વસૂલવા સરકારે સંસદમાં 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ'માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે

ભારતની મફત UPI પેમેન્ટ સિસ્ટમને ઝટકો લાગી શકે છે. સરકારે સંસદમાં 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ' માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ભવિષ્યમાં ચોક્કસ UPI ટ્રાન્જેક્શન પર મર્ચન્ટ ચાર્જ લાગી શકે છે. જોકે હજુ સુધી કોઈ ફી મંજૂર કરવામાં આવી નથી પરંતુ પ્રસ્તાવિત કાનૂની ફેરફારથી મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ કરવાનો રસ્તો મોકળો થઈ ગયો છે. પેમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ લાંબા સમયથી ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને વધારવા માટે તેની માંગ કરી રહી હતી. નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલ આ ફેરફાર તાત્કાલિક કોઈ શુલ્ક લાદશે નહીં. તેના બદલે તે એક કાનૂની માળખું બનાવશે. જેનાથી સરકાર પછીથી MDR લાગુ કરવાનો નિર્ણય લઈ શકે છે.

રોઈટર્સના અહેવાલ મુજબ, અધિકારીઓ હજુ એ વાત પર ચર્ચા કરી રહ્યા છે કે ફી કેવી રીતે લાગુ કરી શકાય અથવા તે કયા ટ્રાન્જેક્શન પર લાગુ કરવામાં આવે. જોકે હજુ સુધી તેના પર કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. જે દરખાસ્તો પર વિચારણા કરવામાં આવી રહી છે તેમાં રૂા.2,000 થી વધુના UPI ટ્રાન્જેક્શન પર 0.3% થી 0.5% સુધી MDR વસૂલવામાં આવે. જોકે, આ ચાર્જ ફક્ત 1.5 કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓ પર જ લાગુ થવાની ધારણા છે. આનો અર્થ એ છે કે ગ્રાહકોએ ભાગ્યે જ કંઈ વધારાનું ચૂકવવું પડશે, જ્યારે નાના વ્યવસાયો મફત UPI ટ્રાન્જેક્શનનો આનંદ માણી શકશે. વ્યક્તિગત ટ્રાન્જેક્શન મૂલ્યનો બદલે વેપારીના વાર્ષિક ટર્નઓવર પર ચાર્જ વસૂલવાનો વિચાર કરાઈ રહ્યો છે. નીતિ નિર્માતાઓ ખાતરી કરવા માટે વિવિધ રીતો પર વિચાર કરી રહ્યા છે કે જો MDR લાગુ કરવામાં આવે તો તેનો ભાર મુખ્યત્વે મોટા વ્યવસાયો પર પડે છે, નહીં કે નાની દુકાનો અને નાના છૂટક વેપારીઓ પર. MDR એ ફી છે જે વેપારીઓ ડિજિટલ પેમેન્ટ પ્રોસેસ કરવા માટે બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડરર્સ વસૂલે છે. UPI થી વિપરીત વેપારીઓ પહેલાથી જ કાર્ડ ચુકવણીઓ પર પ્રોસેસિંગ ચાર્જ ચૂકવે છે. વ્યવસાયો સામાન્ય રીતે ક્રેડિટ કાર્ડ ટ્રાન્જેક્શન પર લગભગ 1.5% ચૂકવે છે, જ્યારે ડેબિટ કાર્ડથી પેમેન્ટ પરબેંક અને ચુકવણી નેટવર્કના આધારે ઓછી ફી લઈ શકે છે. UPI આ શુલ્કમાંથી મુક્ત છે, જે તેને વેપારીઓ અને ગ્રાહકો બંને માટે એક આકર્ષક પેમેન્ટ વિકલ્પ બનાવે છે.

અહેવાલમાં જણાવાયું છે કે ઈન્ડસ્ટ્રીઝના અધિકારીઓએ વારંવાર જણાવ્યું છે કે વેપારી ફી વિના UPI સેવાઓ પ્રદાન કરવાથી ટકાઉ વ્યવસાય મોડેલ બનાવવાનું મુશ્કેલ બન્યું છે. UPI ટ્રાન્જેક્શનની પ્રક્રિયા કરીને તેઓ આવક ઉત્પન્ન કરતા નથી, તેથી ઈન્ડસ્ટ્રીઝના લોકોનું માનવું છે કે નવી ટેકનોલોજીમાં રોકાણ કરવાની, ચુકવણી માળખાને મજબૂત બનાવવાની અને સેવાઓનો વિસ્તાર કરવાની તેમની ક્ષમતા મર્યાદિત છે.

### ૨૦૨૫માં ભારતીય મુસાફરોની મુલાકાત ઘટી

# જમ્મુ-કાશ્મીરમાં ૪૪% વિદેશી પ્રવાસીઓ ઘટી ગયા

## પહેલગામ આતંકવાદી હુમલા બાદ દેશી પ્રવાસીઓ ૨૩% ઘટ્યા, જ્યારે વિદેશી પ્રવાસીઓમાં ૪૪% થી વધુનો ઘટાડો





(સંપૂર્ણ સમાચાર સેવા) **જમ્મુ, તા.૦૫**

જમ્મુ-કાશ્મીર પોતાની મનમોહક ખીણો અને સુંદરતા માટે વિશ્વભરમાં ખાસ ઓળખ ધરાવે છે. આ જ સુંદરતા પ્રવાસીઓને અહીં આવવા માટે પ્રેરિત કરે છે. પરંતુ કેન્દ્રશાસિત પ્રદેશ છેલ્લા ૩ દાયકાથી વધુ સમયથી આતંકવાદી પ્રવૃત્તિઓથી પણ પીડિત રહ્યો છે. જોકે પરિસ્થિતિમાં સુધારો થઈ રહ્યો હતો, અને પ્રવાસીઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી હતી, પરંતુ ગયા વર્ષે પહેલગામ આતંકવાદી હુમલાના કારણે સ્થિતિ બગડી ગઈ, અને પ્રવાસીઓ ફરી એકવાર અહીં આવવાનું ટાળવા લાગ્યા.

કેન્દ્ર સરકારે લોકસભામાં પૂછાયેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં ગયા વર્ષે ૨૦૨૫માં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૨ની સરખામણીમાં પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. તો વર્ષ ૨૦૨૪ની સરખામણીમાં ૨૦૨૫માં અહીં આવતા દેશી પ્રવાસીઓની સંખ્યામાં લગભગ ૨૩ ટકાનો ઘટાડો થયો છે, અને ૪૪ ટકાથી વધુ વિદેશી પ્રવાસીઓ ઓછા થયા છે. છેલ્લા એક દાયકામાં આતંકવાદી ઘટનાઓમાં ઘટાડો અને પરિસ્થિતિ બદલાવાને કારણે ધીમે ધીમે જમ્મુ-કાશ્મીરમાં પ્રવાસીઓની સંખ્યા વધી રહી હતી, પરંતુ ગયા વર્ષે એપ્રિલમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ પ્રવાસીઓના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું હતુ. તેના પરિણામે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રવાસીઓની સંખ્યામાં જે વધારો જોવા મળી રહ્યો હતો તે ઘટી ગયો છે.

કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૧માં ખીણની મુલાકાતે આવેલા દેશના પ્રવાસીઓની સંખ્યા ૧.૧૩ કરોડથી વધુ હતી, જ્યારે વિદેશી પ્રવાસીઓની સંખ્યા માત્ર ૨ હજાર જ હતી. ત્યારબાદ ૨૦૨૨માં આ સંખ્યામાં વધારો થયો. દેશના પ્રવાસીઓની સંખ્યામાં ૬૩.૪૯ ટકાનો વધારો થયો અને ૧.૮૪ કરોડથી વધુ દેશી પ્રવાસીઓ આ કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાતે ગયા. વિદેશી પ્રવાસીઓની સંખ્યા ૨૦ હજાર સુધી પહોંચી ગઈ હતી.

પ્રવાસીઓની દ્રષ્ટિએ ૨૦૨૩ જમ્મુ-કાશ્મીર માટે ખૂબ જ શ્રેષ્ઠ વર્ષ સાબિત થયું, કારણ કે, પહેલીવાર વર્ષ દરમિયાન ૨ કરોડથી વધુ પ્રવાસીઓ અહીં પહોંચ્યા. અગાઉની સરખામણીમાં લગભગ ૧૨ ટકાના વધારા સાથે ૨.૦૬ કરોડથી વધુ દેશી પ્રવાસીઓ પહોંચ્યા, જ્યારે વિદેશી પ્રવાસીઓની સંખ્યા ૫૦ હજારને વટાવીને ૫૫ હજારથી વધુ થઈ ગઈ. વિદેશી પ્રવાસીઓની બાબતમાં આમાં ૧૭૫ ટકાનો વધારો થયો હતો.

વર્ષ ૨૦૨૪માં દેશી અને વિદેશી બંને પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો. ૧૧.૨૯ ટકાના વધારા સાથે ૨.૩૦ કરોડથી વધુ દેશી પ્રવાસીઓ અહીં આવ્યા, જ્યારે ૧૮.૧૮ ટકાના વધારા સાથે ૬૫ હજારથી વધુ વિદેશી પ્રવાસીઓએ અહીંની સુંદરતા માણી.

જોકે પ્રવાસીઓની વધતી સંખ્યા ૨૦૨૫માં આવીને અટકી ગઈ, અને તેની પાછળનું સૌથી મોટું કારણ પહેલગામ આતંકવાદી હુમલો રહ્યો, કારણ કે આ ભયાનક હુમલા પછી દેશી પ્રવાસીઓની સાથે વિદેશી પ્રવાસીઓ પણ તેનાથી અંતર જાળવવા લાગ્યા. આ કારણે દેશી પ્રવાસીઓની સંખ્યામાં લગભગ ૨૩ ટકાનો ઘટાડો થયો, અને તે ૨.૩૦ કરોડથી ઘટીને ૧.૭૭ કરોડ થઈ ગઈ. જ્યારે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો. ૪૪.૬૨ ટકાથી વધુનો ઘટાડો થયો અને ૬૫ હજારથી ઘટીને આ સંખ્યા ૩૬ હજાર પર આવી ગઈ.

કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસનમાંથી મળતી રોજગારી અંગે પૂછાયેલા પ્રશ્ન પર કેન્દ્ર સરકારે જણાવ્યું કે, પ્રવાસન મંત્રાલય હેઠળ આવતા મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશનના પીરિયોડિક લેબર ફોર્સ સર્વેના ડેટાના આધારે, વર્ષ ૨૦૨૧-૨૨માં જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસન સાથે જોડાયેલી કુલ રોજગારી ૧૦.૪૨ લાખ હતી, જે ૨૦૨૫માં વધીને ૧૦.૭૮ લાખ થઈ ગઈ.

### ગુજરાતમાં મોતના વાયરસનો વધી રહ્યો છે કહેર!

# ૧૮૪ શંકાસ્પદ કેસ નોંધાયા, ૨૨ બાળકોના મોત, તંત્ર એલર્ટ

## રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૧૮૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩૫ કેસ પોઝિટિવ આવ્યા છે



**હાલમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોમાં ૭ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે સ્થિતિમાં સુધારો થતાં ૬ દર્દીઓને રજા આપવામાં આવી છે, દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે ગાંધીનગર, સાબરકાંઠા-હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૦૫**

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોમાં સતત વધારો નોંધાતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ ૧૮૪ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જેમાંથી લેબોરેટરી ટેસ્ટિંગ દરમિયાન ૩૫ કેસ પોઝિટિવ હોવાની પુષ્ટિ થઈ છે. આ વાયરસના કારણે બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે અને અત્યાર સુધીમાં શંકાસ્પદ કેસોમાંથી ૨૨ બાળકોના કરૂણ મૃત્યુ થયા છે.

હાલમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોમાં ૭ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે સ્થિતિમાં સુધારો થતાં ૬ દર્દીઓને રજા આપવામાં આવી છે. દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે ગાંધીનગર, સાબરકાંઠા-હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોને ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક ICU બેડમાં દાખલ કરવા માટે સ્પષ્ટ અને સખત સૂચનાઓ જારી કરવામાં આવી છે.

વાયરસના ફેલાવાને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. વાયરસનું વહન કરતી સેન્ડફ્લાય (રેતીની માખી) ના ઉપદ્રવને નિયંત્રિત કરવા પશુપાલન વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. માટી કે કાચા મકાનોની તિરાડો, જ્યાં આ માખીઓ આશ્રય લે છે, તેને પૂરવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

ચાંદીપુરા વાયરસ ખાસ કરીને નાના બાળકોને ઝડપથી પોતાની ચપેટમાં લે છે. જો બાળકોમાં તાવ, ઊલટી કે ખેંચ જેવાં કોઈ પણ



લક્ષણો જણાતાં જ સમય ગુમાવ્યા વિના તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે. સમયસર નિદાન અને સારવાર જ આ વાયરસ સામે રક્ષણ મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

### ડાયમંડ ઉદ્યોગથી લઈને ઈલેક્ટ્રોનિક સેક્ટર સુધી ફાયદો

# નવું ટેક્સ સુધારા બિલ ૨૦૨૬ લોકસભામાં રજૂ

## આ બિલ ભારતને વૈશ્વિક રોકાણ, મેન્યુફેક્ચરિંગ અને ડેટા હબ બનાવવાના ઉદ્દેશ્યથી લાવવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

ભારતને વૈશ્વિક રોકાણ, મેન્યુફેક્ચરિંગ અને ડેટા હબ બનાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે નવું ટેક્સ સુધારા બિલ એટલે કે ધ ટેક્સેશન એન્ડ અધર લૉઝ સુધારા બિલ, ૨૦૨૬ લાવ્યું છે. લોકસભામાં પસાર થયેલું આ બિલ માત્ર એક કાનૂની સુધારો નથી, પરંતુ દેશમાં વૈદેશિક મૂડી આકર્ષવા, મેક ઈન ઈન્ડિયાને મજબૂત કરવા અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને નવા સ્તરે લઈ જવાનો એક માસ્ટરપ્લાન છે.

નાણા મંત્રાલયના દિશા-નિર્દેશો મુજબ, આ બિલ ઈલેક્ટ્રોનિક્સ, ડેટા સેન્ટર, ડાયમંડ ટ્રેડ, ફંડ મેનેજમેન્ટ અને બિઝનેસ ટ્રસ્ટ (REITs/ InvITs)માં રોકાણ કરનારા નાના રોકાણકારો માટે ટેક્સના નિયમોને અત્યંત પારદર્શી અને દૂરોગામી બનાવશે. ભારતને મોબાઈલ, લેપટોપ અને સર્વર મેન્યુફેક્ચરિંગનું વૈશ્વિક હબ બનાવવા માટે બે મોટાં પગલાં લેવામાં આવ્યા છે. અત્યાર સુધી ભારતીય ઈલેક્ટ્રોનિક્સ ફેક્ટરીઓ માટે કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં પાર્ટ્સ રાખનારી વિદેશી કંપનીઓએ ૨% પ્રેઝમ્પ્ટિવ ટેક્સ (Safe Harbour) ચૂકવવો પડતો હતો. જોકે, આ પ્રક્રિયામાં ટેક્સ સંબંધી કાનૂની વિવાદો અને ગૂંચવણો ઊભી થવાનો સતત ડર રહેતો હતો.

નવા બિલમાં આ ૨% ટેક્સને સંપૂર્ણપણે નાબૂદ કરીને આગામી ૧૫ વર્ષ માટે ૧૦૦% ટેક્સ-ફ્રી કરી દેવામાં આવ્યો છે, જેથી ભારત વિયેતનામ જેવા દેશો કરતાં આગળ નીકળી શકશે. આ ઉપરાંત, ભારતીય કંપનીઓને ઈલેક્ટ્રોનિક્સ સામાન બનાવવા માટે મશીનરી આપનારી વિદેશી કંપનીઓની ટેક્સ છૂટની સીમા ૫ વર્ષથી વધારીને ૧૫ વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૪૦-૪૧ સુધી) કરી દેવામાં આવી છે. રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાં રોકાણ કરનારા સામાન્ય નાના રોકાણકારોના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે. અગાઉ જો બિઝનેસ ટ્રસ્ટની ઓપરેટિંગ કંપની (SPV) ન્યૂ ટેક્સ રિજીમ પસંદ કરતી હતી, તો રોકાણકારોને મળતું ડિવિડન્ડ ટેક્સ-ફ્રી રહેતું નહોતું. પરંતુ નવા બિલમાં સુધારો કરીને યુનિટ હોલ્ડર્સ માટે ડિવિડન્ડ પર ટેક્સ છૂટ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. મહેસૂલ નુકસાનની ભરપાઈ માટે કંપની (SPV) સ્તરે મામૂલી વધારાનો ચાર્જ લાગશે, જેનાથી નાના રોકાણકારોના ખિસ્સા પર કોઈ અસર પડશે નહીં.

ભારતમાં મોટા પાયે AI Data Cities વિકસાવવા અને વૈશ્વિક ક્લાઉડ કંપનીઓને આકર્ષવા માટે બિનજરૂરી નિયમ નાબૂદ કરી દેવામાં આવે છે. હવે વિદેશી ક્લાઉડ કંપનીઓ અને ભારતીય ડેટા સેન્ટરોએ આઈટી મંત્રાલય પાસેથી અલગ-અલગ નોટિફિકેશન કે મંજૂરીઓ લેવાની જરૂર રહેશે નહીં. વધુમાં, ભારતીય કંપનીઓ હવે લીઝ પર લીધેલી જમીન કે બિલ્ડિંગમાં પણ વર્લ્ડ-ક્લાસ ડેટા સેન્ટર ચલાવી શકશે, જેનાથી શરૂઆતમાં જંગી મૂડી રોકાણ કરવાની જરૂર રહેશે નહીં.

મુંબઈ અને સુરતના સ્પેશિયલ નોટિફાઈડ ઝોન્સ (SNZ)માં માત્ર કાચા હીરા (રફ ડાયમંડ)નું પ્રદર્શન જ નહીં, પરંતુ ખરીદ-વેચાણને પણ ૧૫ વર્ષ માટે ટેક્સ-ફ્રી કરી દેવામાં આવશે. આ ટેક્સ છૂટનો વ્યાપ વિદેશી માઈનિંગ કંપનીઓની સાથે-સાથે તેમના બ્રોકર્સ, સાઈટ હોલ્ડર્સ, એગ્રીગેટર્સ અને ઓક્શન હાઉસીસ સુધી લંબાવવામાં આવશે જેથી કરીને સમગ્ર વૈશ્વિક હીરા વેપાર ભારતમાં શિફ્ટ થઈ શકે. વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સનું સંચાલન કરતા કુશળ ભારતીય ફંડ મેનેજર્સ ભારત પરત ફરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. વિદેશી ફંડ્સ પર ભારતમાં અનાવશ્યક ટેક્સ લાગવાના ડરને દૂર કરવા માટે શરતોની સંખ્યા ૧૩થી ઘટાડીને માત્ર ૫ કરી દેવામાં આવી છે. કાગળિયાની બિનજરૂરી પ્રક્રિયા ખતમ થવાથી હવે વિદેશી ફંડ મેનેજર્સ ગિફ્ટ સિટી અથવા તો ભારતના કોઈ પણ શહેરથી પોતાનું કામકાજ સરળતાથી ચલાવી શકશે.

# E20 વિવાદમાં નીતિન ગડકરીને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહતઃ ડીપફેક-AI કન્ટેન્ટ હટાવવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીને E20 ઈંધણ વિવાદ સાથે જોડીને સોશિયલ મીડિયા પર વાયરલ કરાઈ રહેલા ડીપફેક વીડિયો અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) થી બનાવાયેલી તસવીરોના મામલે બોમ્બે હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. બોમ્બે હાઈકોર્ટે મંત્રીની અરજી પર સુનાવણી કરતા આવા તમામ વાંધાજનક કન્ટેન્ટને તાત્કાલિક ધોરણે પબ્લિક પ્લેટફોર્મ પરથી હટાવવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ આરિફ ડોક્ટરની બેંચે નીતિન ગડકરીના વકીલ સંદીપ લડ્ડાની દલીલો સાંભળ્યા બાદ આ આંતરિમ આદેશ જારી કર્યો હતો.

સુનાવણી દરમિયાન અરજદારના વકીલે કોર્ટ સમક્ષ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ઈન્સ્ટાગ્રામ રીલ અને AI જનરેટેડ કન્ટેન્ટ રજૂ કર્યું હતું. આ સામગ્રી જોયા બાદ જસ્ટિસ આરિફ ડોક્ટરે સખત વલણ અપનાવતા કહ્યું હતું કે, અરજીમાં દર્શાવવામાં આવેલું કન્ટેન્ટ અત્યંત આપત્તિજનક અને અશ્લીલ છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આવા કન્ટેન્ટ માટે કોઈ પણ સાર્વજનિક પ્લેટફોર્મ પર કોઈ જગ્યા હોઈ ન શકે, કારણ કે આ પ્લેટફોર્મ્સ બાળકો અને યુવાનો સહિત તમામ માટે સરળતાથી ઉપલબ્ધ હોય છે. કોર્ટે માન્યું કે ગડકરી વતી વચગાળાની રાહત મેળવવા માટે મજબૂત પુરાવા અને આધાર રજૂ કરવામાં આવ્યા છે. આ કેસની સુનાવણી દરમિયાન સોશિયલ મીડિયા કંપનીઓ મેટા અને ગૂગલ તરફથી પણ કોર્ટમાં પક્ષ રાખવામાં આવ્યો હતો. બંને ટેક કંપનીઓએ અદાલતને ખાતરી આપી હતી કે અરજીમાં યાદીબદ્ધ કરવામાં આવેલી તમામ વાંધાજનક અને ડીપફેક સામગ્રીને તેઓ પ્લેટફોર્મ પરથી તાત્કાલિક હટાવી દેશે. કોર્ટે કંપનીઓના આ નિવેદનને સ્વીકારી લીધું છે અને હવે આ મામલે આગામી સુનાવણી ૪ અઠવાડિયા પછી હાથ ધરવામાં આવશે.

ભારતીય રિઝર્વ બેંકે હોમ અને કાર લોન ધારકોને રાહત આપી

# સતત બીજી વાર રેપો રેટ સ્થિર, રિઝર્વ બેંકે વ્યાજદરમાં ન કર્યો ફેરફાર

**રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી કે, મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં રેપો રેટ ૫.૨૫% પર યથાવત રાખવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

જો તમે દર મહિને હોમ લોન, કાર લોન કે અન્ય કોઈ EMI ચૂકવો છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. વૈશ્વિક સ્તરે મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે, રિઝર્વ બેંકે સામાન્ય માણસને મોટી રાહત આપી છે.

કેન્દ્રીય બેંકે સતત પાંચમી વખત રેપો રેટ ૫.૨૫ ટકાના જૂના સ્તરે રાખ્યો છે. કેન્દ્રીય બેંકના આ નિર્ણયથી કરોડો ગ્રાહકોને રાહત મળવાની અપેક્ષા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ની ત્રીજી દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા (MPC) પછીના પોતાના સંબોધનમાં રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, રેપો રેટ ૫.૨૫ ટકા પર જાળવી રાખવામાં આવશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ મુખ્ય પોલિસી રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી, તેથી હોમ લોન અને કાર લોન માટેના EMI યથાવત રહેશે. આનો અર્થ એ થયો કે તમારે પહેલા જેટલા જ EMI ચૂકવવા પડશે. આ MPCમાં, RBIનું ધ્યાન ફુગાવાને નિયંત્રિત કરવા અને આર્થિક વૃદ્ધિ જાળવવા પર હતું. રિઝર્વ બેંકની MPCની જાહેરાત પહેલા, ટ્રેડિંગ સત્રની શરૂઆતમાં સ્થાનિક શેરબજારમાં વધારો જોવા મળ્યો હતો.

RBIએ છેલ્લે ઓક્ટોબર ૨૦૨૫માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. તે સમયે, રિઝર્વ બેંકે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. ત્યારબાદ, ડિસેમ્બર, ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન અને હવે ઓગસ્ટ MPCમાં રેપો રેટ પાછલા સ્તરે રહ્યો. RBIએ ૨૦૨૫ દરમિયાન ત્રણ વખત રેપો રેટમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટ (૧.૨૫%) ઘટાડો કર્યો હતો. જોકે, ફુગાવામાં વધારો થવાની આશંકા અને અપેક્ષિત ધીમી GDP વૃદ્ધિને કારણે, રેપો રેટ યથાવત રહ્યો.

RBI બેંકોને જે દરે લોન આપે છે તેને રેપો રેટ કહેવામાં આવે છે. રેપો રેટમાં વધારો થવાનો અર્થ એ છે કે બેંકોને RBI તરફથી ઊંચા દરે લોન મળશે. આનાથી હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન પર વ્યાજ દરમાં વધારો થશે, જેની સીધી અસર તમારા EMI પર પડશે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલાં જૂન મહિનામાં યોજાયેલી એમપીસીની બેઠકમાં પણ રિઝર્વ બેંકે રેપો રેટ સ્થિર રાખ્યો હતો. તે પહેલાં વર્ષ ૨૦૨૫ દરમિયાન આરબીઆઈએ લોનધારકોને મોટી રાહત આપતાં તબક્કાવાર રીતે રેપો રેટમાં કુલ ૧૨૫ બેઝિસ પોઈન્ટ્સ (૧.૨૫%) નો ઘટાડો કર્યો હતો. આ ઘટાડા બાદ રેપો રેટ ૫.૨૫% ના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેને હાલમાં પણ જાળવી રાખવામાં આવ્યો છે.

રેપો રેટ (Repo Rate) એ એવો દર છે જેના પર ભારતીય રિઝર્વ બેંક દેશની અન્ય તમામ વાણિજ્યિક બેંકોને ધિરાણ (લોન) આપે છે.

જ્યારે રેપો રેટ વધે છે: બેંકો માટે આરબીઆઈ પાસેથી લોન લેવી મોંઘી બને છે, જેના કારણે બેંકો પણ પોતાના ગ્રાહકો માટે હોમ, ઓટો કે પર્સનલ લોનના વ્યાજદરમાં વધારો કરે છે અને ગ્રાહકોની EMI વધી જાય છે.

જ્યારે રેપો રેટ સ્થિર રહે છે: બેંકોના ધિરાણ ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી, જેથી ગ્રાહકોની હાલની EMI જેમની તેમ જળવાઈ રહે છે.

આરબીઆઈ ફુગાવો (મોંઘવારી) અને દેશના આર્થિક વિકાસ દર વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે સમયાંતરે મોનેટરી પોલિસી બેઠકમાં રેપો રેટ અંગે નિર્ણયો લેતી હોય છે.

# લાલ સમુદ્રમાં ભારતીય જહાજ પર ફરી હુમલો, માંડ માંડ બચ્યા ૧૪ ખલાસીઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

યમનના પશ્ચિમ કિનારાથી લાલ સમુદ્રમાં ભારતીય જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તે ડૂબી ગયું હતું. તમામ ૧૪ ક્રૂ સભ્યોને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને સુરક્ષિત સ્થાન પર લાવવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ જહાજમાં ૧૩ ભારતીય ખલાસીઓ અને એક યેમેની નાગરિકનો સમાવેશ થાય છે.

યમનની સરકાર સાથે જોડાયેલા રાષ્ટ્રીય પ્રતિકાર દળો (NRF) અનુસાર, ફૈઝેહ નૂર-એ-ઓલિયા નામના જહાજ પર હુતી-નિયંત્રિત બંદર શહેર હોદેદાહથી લગભગ ૧૩ નોટિકલ માઈલ દક્ષિણમાં હુમલો કરવામાં આવ્યો હતો.

કોસ્ટ ગાર્ડ અને નૌકાદળના એકમોએ સંયુક્ત બચાવ કામગીરી હાથ ધરી હતી. NRFએ જણાવ્યું હતું કે, તમામ ક્રૂ સભ્યોને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને તબીબી સહાય મળી હતી. હુમલામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, MSV ફૈઝ નૂર ઓલિયાહ નામના જહાજ પર યમનના સમુદ્રમાં એક પ્રોજેક્ટાઈલથી હુમલો થયો હતો, જેના કારણે તે પલટી ગયું અને ડૂબી ગયું. ક્રૂમાં ૧૩ ભારતીય નાગરિકો અને એક યેમેની નાવિકનો સમાવેશ થતો હતો. તેમના 'X' હેન્ડલ પર એક પોસ્ટમાં હુમલાની નિંદા કરતા, મંત્રીએ લખ્યું કે, ભારત આ ઉશ્કેરણી વિનાના, સુરક્ષા વગરના જહાજ પર હુમલાની સખત નિંદા કરે છે. આપણા લોકોની સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે, અને મને એ જણાવતા રાહત થાય છે કે યેમેની કોસ્ટ ગાર્ડે તમામ ૧૪ ખલાસીઓ (જેમાં ૧૩ ભારતીયોનો સમાવેશ થાય છે)ને સુરક્ષિત રીતે બચાવી લીધા છે અને તેમને મોખા બંદર પર પરત કર્યા છે.

તેમણે આગળ લખ્યું કે, મેં મેરીટાઈમ એડમિનિસ્ટ્રેશનના મહાનિર્દેશક (DGMA)ને નિર્દેશ આપ્યો છે કે તેઓ પ્રદેશમાં ભારતીય ખલાસીઓની સંપૂર્ણ સલામતી સુનિશ્ચિત કરવા અને બચાવાયેલા ક્રૂને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે તમામ એજન્સીઓ સાથે સંકલનમાં તાત્કાલિક પગલાં લે.

MEA પ્રવક્તા રણધીર જયસ્વાલે વિદેશ મંત્રાલય વતી એક પોસ્ટ શેર કરીને હુમલાની નિંદા કરી. મંત્રાલયે પોતાના નિવેદનમાં લખ્યું છે કે, અમે ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યમનના દરિયાકાંઠે લાલ સમુદ્રમાં ડૂબી ગયેલા ભારતીય ફ્લેગના વાણિજ્યિક જહાજ, MSV ફૈઝ નૂર ઓલિયા પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ. તેમાં સવાર તમામ ૧૩ ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. રિયાધમાં અમારું દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ક્રૂની સલામતી માટે યેમેની અધિકારીઓ સાથે સક્રિય રીતે સંકલન કરી રહ્યું છે. અમે યેમેની અધિકારીઓનો તેમના સહયોગ બદલ આભાર માનીએ છીએ.

નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું છે કે, પ્રદેશમાં વાણિજ્યિક જહાજો પર સતત હુમલાઓ ખૂબ જ ચિંતાજનક છે. પ્રદેશમાં વાણિજ્યિક જહાજોને નિશાન બનાવવાનું બંધ કરવું જોઈએ, અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર, પ્રદેશના આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા મુક્ત અને અવરોધરહિત હિલચાલ અને વેપાર શક્ય તેટલી વહેલી તકે ફરી લાગુ કરવો જોઈએ.

## સ્પોર્ટ્સ ન્યુઝ

# કોહલીની ધાર્મિક આસ્થા સામે આંગળી ચીંધવાનો કોઈને હક નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫:** ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીએ વિરાટ કોહલીની ધાર્મિક આસ્થા અને આધ્યાત્મિક જીવન અંગે ખુલ્લીને પોતાનો મત રજૂ કર્યો છે. હાલમાં વિરાટ કોહલી અને તેમના પત્ની અનુષ્કા શર્માના વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજ સહિત વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા અંગે સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની ચર્ચાઓ છેડાઈ છે. હવે શમીએ આ ટીકાઓ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં શમીએ કહ્યું કે, વિરાટ કોહલીનો આધ્યાત્મિક ઝુકાવ કોઈ નવી વાત નથી. કોહલી હંમેશા પોતાની આસ્થાને ગંભીરતાથી લેતા આવ્યા છે અને જે બાબતમાં વિશ્વાસ રાખે છે, તેને પૂરી પ્રામાણિકતા અને શિસ્ત સાથે નિભાવે છે.

શમીએ કહ્યું કે, કોઈ વ્યક્તિના વિશ્વાસ કે ધાર્મિક આસ્થા પર સવાલ ઉઠાવવાનું કોઈ કારણ હોવું જોઈએ નહીં. જો કોઈ પોતાના ધર્મ અને આધ્યાત્મિક વિચારોને મહત્વ આપે છે, તો તે સંપૂર્ણપણે તેનો વ્યક્તિગત નિર્ણય છે.

શમીને એ પણ પૂછવામાં આવ્યું કે, શું અનુષ્કા શર્માએ વિરાટ કોહલીની આધ્યાત્મિક યાત્રાને પ્રભાવિત કરી છે. તેના પર શમી કહ્યું કે, જો કોઈ વ્યક્તિ કોઈ આધ્યાત્મિક ગુરુ કે ધાર્મિક પરંપરામાં વિશ્વાસ રાખે છે, તો તેને તે જ રીતે સન્માન પણ આપવું જોઈએ. આ પ્રકારની વાતો પર નકામી આંગળી ચીંધવી યોગ્ય નથી અને કોઈની અંગત આસ્થા પર ટિપ્પણી કરવાથી બચવું જોઈએ. જો પતિ-પત્ની એકબીજા સાથે ધાર્મિક કે આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે, તો તેમાં ખોટું શું છે. તેમના મતે આ સંપૂર્ણપણે તેમનો અંગત મામલો છે અને બીજા કોઈને તેનાથી પરેશાની હોવી જોઈએ નહીં.

મહત્વનું છે કે, વિરાટ કોહલી તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીમાં ભારતીય ટીમનો ભાગ હતા. હવે તેમની નજર સપ્ટેમ્બરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે થનારી આગામી શ્રેણી પર હશે, જ્યાં તેઓ ફરી એકવાર ભારતીય બેટિંગ ઓર્ડરમાં જવાબદારી સંભાળતા જોવા મળશે.

નાસ્તે પે ચર્ચા! PM મોદીની સાંસદોને ખાસ સલાહ

# ખોટી મહેમાનગતિથી બચો, લોકોનાં દિલ જીતો, યુવાનોની વાત સાંભળો

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે NDAના ૩૭ સાંસદો સાથે નાસ્તા દરમિયાન મુલાકાત કરી હતી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સવારે NDAના ૩૭ સાંસદો સાથે નાસ્તા દરમિયાન મુલાકાત કરી હતી. બેઠકનું વાતાવરણ સામાન્ય રાજકીય બેઠક કરતાં થોડું અલગ રહ્યું હતું. સાંસદોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદીએ પરિવાર જેવા વાતાવરણમાં તેમની સાથે ખુલ્લા મનથી વાતચીત કરી અને પોતાના અનુભવો શેર કર્યા હતા, પરંતુ આ મુલાકાતમાં રાજકારણ કે સંસદ અંગે કોઈ પણ ચર્ચા થઈ નહોતી. વડાપ્રધાને સાંસદોને એ પણ સમજાવ્યું કે, જાહેર જીવનમાં નાની ભૂલ ઘણી વખત મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. તેમણે સાંસદોને ખોટી બાબતોમાં ફસાવાથી બચવા, કોઈની ખોટી મહેમાનગતિ સ્વીકારવા નહીં અને પોતાના લેટર પેડ અથવા સહી ખોટા હાથમાં જતી અટકાવવાની સલાહ આપી હતી. સંદેશ સ્પષ્ટ હતો- રાજકારણમાં વિશ્વાસ બનાવવો મુશ્કેલ છે, પરંતુ તેને ગુમાવવો ખૂબ સરળ છે.

પીએમ મોદીએ સાંસદોને જનતા સાથે સતત જોડાયેલા રહેવા અને સંવાદ જાળવી રાખવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સાંસદોનું સાચું કામ માત્ર ગૃહમાં હાજર રહેવાનું નથી. તેમણે લોકો વચ્ચે જવું જોઈએ અને તેમની સમસ્યાઓ સમજવી જોઈએ. વિપક્ષના કોઈ નેતા તરફથી ખોટી વાત કહેવામાં આવે તો સીધા ટકરાવને બદલે તેને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ. વડાપ્રધાને સાંસદોને લોકોનું મન અને દિલ જીતવાની રાજનીતિ પર ધ્યાન આપવાની સલાહ આપી હતી. યુવાનોને લઈને પણ તેમણે ખાસ સંદેશ આપ્યો હતો. PM મોદીએ કહ્યું કે, યુવા પેઢીની વાત ખુલ્લા મનથી સાંભળવી જોઈએ. તેમની સમસ્યાઓને ધ્યાનથી સમજીશું, ત્યારે જ યોગ્ય ઉકેલ શોધી શકાશે.

નાસ્તા દરમિયાન યોજાયેલી આ મુલાકાતમાં પહેલીવાર ચૂંટાયેલા ભાજપના સાંસદોની સાથે અન્ય પક્ષોમાંથી ભાજપમાં જોડાયેલા સાંસદો પણ હાજર રહ્યા હતા. ભાજપ અધ્યક્ષ નીતિન નવીન પણ બેઠકમાં સામેલ થયા હતા. સાંસદોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાને તેમની સાથે સરળ રીતે વાતચીત કરી હતી. તેમણે પોતાના રાજકીય અને વ્યક્તિગત અનુભવો દ્વારા સાંસદોને અનેક વ્યવહારુ બાબતો સમજાવી હતી.

PM મોદીએ સાંસદોને કહ્યું કે, તેઓ કોઈપણ પ્રકારની ખોટી મહેમાનગતિથી બચી રહે. તેમણે સાવચેત કર્યા કે જાહેર જીવનમાં તેમની પાછળ ઘણા લોકો આવશે. આવી સ્થિતિમાં તેમણે દરેક પગલું વિચારી-સમજીને ભરવું પડશે. વડાપ્રધાને ખાસ કરીને પોતાના લેટર પેડ અને સહીને લઈને સાવચેત રહેવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, આ વસ્તુઓ ખોટા હાથમાં ન જવી જોઈએ.

વડાપ્રધાને સાંસદોને જનતા સાથે સતત સંપર્ક જાળવી રાખવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, રાજકારણમાં માત્ર ચૂંટણી સમયે લોકો વચ્ચે જવું પૂરતું નથી. જનતા સાથે નિયમિત સંવાદ જરૂરી છે. વિપક્ષી પક્ષોના નેતાઓ સાથેના વ્યવહારને લઈને પણ તેમણે ટકરાવને બદલે સંવાદનો માર્ગ અપનાવવાની વાત કરી હતી. જો વિપક્ષનો કોઈ નેતા ખોટી વાત કહે તો તેને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ. PM મોદીએ રાજકીય લડાઈ કરતાં વધુ લોકોનો વિશ્વાસ જીતવા પર ભાર મૂક્યો હતો.

PM મોદીએ યુવાનોને લઈને પણ સાંસદોને ખાસ સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે, યુવાનો પોતાની સમસ્યાઓ અને વિચારો ખુલ્લેઆમ રજૂ કરવા માગે છે. સાંસદોએ તેમની વાત ધીરજપૂર્વક સાંભળવી જોઈએ. વડાપ્રધાનના જણાવ્યા અનુસાર, કોઈ સમસ્યાનો યોગ્ય ઉકેલ ત્યારે જ મળી શકે છે જ્યારે તેના મૂળને સમજવામાં આવે. તેમણે સાંસદોને યુવાનો સાથે સતત સંવાદ જાળવી રાખવા અને તેમની જરૂરિયાતોને સમજવાની અપીલ કરી હતી.

વડાપ્રધાને સાંસદોને સંસદની કાર્યવાહીમાં સક્રિય રીતે ભાગ લેવા અને નિયમિતપણે ગૃહમાં હાજર રહેવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, સાંસદોએ ગૃહમાં વધુ સમય પસાર કરવો જોઈએ અને પોતાના સંસદીય કાર્યકાળનો વધુ સારો ઉપયોગ કરવો જોઈએ. મોદીએ સાંસદોને સત્તા પક્ષ કે વિપક્ષની પરવા કર્યા વિના અન્ય સાંસદો પાસેથી શીખવા અને અલગ-અલગ પક્ષોના સભ્યો સાથે રચનાત્મક રીતે કામ કરવાની સલાહ આપી હતી.

બેઠક દરમિયાન PM મોદીએ પોતાના વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે સમય વ્યવસ્થાપનને લઈને પણ અનુભવો શેર કર્યા હતા. તેમણે સાંસદો સાથે પોતાની દિનચર્યા, યોગ અને ફિટનેસ અંગે વાતચીત કરી હતી. સંસદ સત્ર દરમિયાન વડાપ્રધાન અલગ-અલગ જૂથોમાં સાંસદો સાથે આ રીતે મુલાકાત કરતા રહ્યા છે. બુધવારની બેઠક પણ આ જ કેટેગરીનો એક ભાગ હતી. આ જૂથમાં પહેલીવાર ચૂંટાયેલા સાંસદોની સાથે અન્ય પક્ષોમાંથી ભાજપમાં આવેલા અનેક સાંસદો પણ સામેલ હતા.

# જંતર-મંતર પર આતંકી હુમલાનું કાવતરું, પેટ્રોલ બોમ્બ સાથે ૯ની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પંજાબ, તા.૦૫**

પંજાબ પોલીસે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ના કથિત ઈશારે આતંકી વારદાતોને અંજામ આપવાના એક મોટા કાવતરાનો પર્દાફાશ કર્યો છે. અમૃતસર પોલીસના સત્તાવાર જણાવ્યા અનુસાર, આ ગંભીર કેસમાં 2 અલગ-અલગ ગેંગ સાથે જોડાયેલા 4 સગીરો સહિત કુલ 9 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી પેટ્રોલ બોમ્બ, બોટલ બોમ્બ, પિસ્તોલ, કારતૂસ અને અન્ય શંકાસ્પદ સામાન જપ્ત કરવામાં આવ્યો છે. જે દેશની સુરક્ષા માટે અત્યંત ચિંતાજનક વિષય છે.

પોલીસ તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આ નેટવર્કનું કનેક્શન સીધું દિલ્હીના જંતર-મંતર સાથે જોડાયેલું છે. એક ગેંગના આરોપીઓ ત્યાં ચાલી રહેલા ધરણા દરમિયાન પહોંચ્યા હતા અને તેમને સ્થાનિક સ્તરે મદદ તથા સામગ્રી પૂરી પાડવાની કોશિશ કરવામાં આવી હતી. આ મામલે મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે તેઓ સુરક્ષા એજન્સીઓની સતર્કતાના કારણે પોતાના નાપાક ઈરાદાઓમાં સફળ થઈ શક્યા નહોતા અને આખરે પાછા પંજાબ પરત ફર્યા હતા.

આ તપાસ દરમિયાન પોલીસને બીજી ગેંગ વિશે અત્યંત ચોંકાવનારી અને ગંભીર માહિતી મળી છે. આરોપીઓએ સંવેદનશીલ રેલવે ટ્રેક પાસે સીસીટીવી કેમેરા લગાવ્યા હતા અને ત્યાંથી મળતા લાઈવ ફૂટેજ પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલરો સુધી સતત મોકલતા હતા. જોડા ફાટક પાસે રેલવે ટ્રેક પરથી કેમેરો મળી આવ્યા બાદ મોહકમપુરા નિવાસી વંશ કુમાર અને એક સગીરને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમની પાસેથી હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર ગુરપ્રીત સિંહ ભુલ્લરના જણાવ્યા મુજબ, પકડાયેલા સગીરો આર્થિક રીતે નબળા પરિવારોથી આવે છે અને તેમને નાના-મોટા આર્થિક પ્રલોભનો આપીને દેશવિરોધી ગતિવિધિઓમાં ફસાવવામાં આવ્યા હતા.

હાલમાં પોલીસ દ્વારા વિદેશી ફંડિંગ, ISI કનેક્શન, હથિયારોની સપ્લાય અને અન્ય સંભવિત સહયોગીઓની ભૂમિકાની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. જેથી આ સમગ્ર આતંકી નેટવર્કનો પર્દાફાશ થઈ શકે.

# ધૂત ટ્રાન્સમિશન લિમિટેડનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૦૫**




ધૂત ટ્રાન્સમિશન લિમિટેડ તેના રૂ.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેરોનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના અગાઉના કામકાજના દિવસ એટલે કે શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે.

આ ઓફર માટે રૂ.૨ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ રૂ.૮૨૯થી રૂ.૮૭૧ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૭ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૭ શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. ફ્લોર પ્રાઈસ અને કેપ પ્રાઈસ અનુક્રમે ઈક્વિટી શેરની ફેસ વેલ્યૂના ૪૧૪.૫૦ ગણી અને ૪૩૫.૫૦ ગણી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ માટે કંપનીની ડાઈલ્યુટેડ ઈપીએસના આધારે પ્રાઈસ ટુ અર્નિંગ્સ રેશિયો પ્રાઈસ બેન્ડના નીચલા સ્તરે (એટલે કે ફ્લોર પ્રાઈસ) ૩૩.૯૮ ગણો અને ઉપરના સ્તરે (એટલે કે કેપ પ્રાઈસ) ૩૫.૭૦ ગણો છે, જ્યારે સમાન ઉદ્યોગની અન્ય કંપનીઓનો સરેરાશ પી/ઈ રેશિયો ૫૫.૩૧ ગણો છે.

આ ઓફરમાં રૂ.૧,૪૦૦ કરોડ સુધીના નવા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ (તેમજ હાલના કેટલાક શેરધારકો દ્વારા કુલ ૧,૯૧,૩૭,૬૦૨ ઈક્વિટી શેરના ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.

કંપનીના ઈક્વિટી શેર્સને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફર માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, જેફ્રીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, નોમુરા ફાઈનાન્શિયલ એડવાઈઝરી એન્ડ સિક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ અને ૩૬૦ વન ડબ્લ્યુએએમ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર છે.

## રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત માટે ગૃહ મંત્રાલયની નવી ગાઈડલાઈન્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ સરકારી અને રાજ્યપાલ કાર્યાલયો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરીને સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત ગાતી કે વગાડતી વખતે તેના સાચા લખાણ, સાચી લિપિ અને શુદ્ધ ઉચ્ચારણનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે. આ આદેશમાં કયા પ્રસંગોએ રાષ્ટ્રગાન કે રાષ્ટ્રગીત ફરજિયાતપણે ગાવું કે વગાડવું અને કયા પ્રસંગોએ તે ગાઈ કે વગાડી શકાય તે અંગેની વિગતવાર વિગતો ફરી યાદ અપાવવામાં આવી છે, તેમજ કોઈ પણ પ્રકારની બેદરકારી કે ભૂલ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે.

ભારત સરકારે રાષ્ટ્રગીત વંદે માતરમ અને રાષ્ટ્રગાન જન ગણ મનના ગાન/વાદન અંગે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકામાં રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનને કયા પ્રસંગોએ ગાવાં અથવા વગાડવાં, તેના માટેના નિયમો, સમય તેમજ યોગ્ય શબ્દોના ઉચ્ચારણનું કડક પાલનની સૂચના આપવામાં આવી છે.

માર્ગદર્શિકા મુજબ, કયા પ્રસંગે માત્ર રાષ્ટ્રગીત અથવા માત્ર રાષ્ટ્રગાનનું ગાન/વાદન કરવું તેમજ કયા પ્રસંગે બંનેનું ગાન/વાદન કરવું તેની સ્પષ્ટતા કરવામાં આવી છે. બંનેનું ગાન/વાદન સાથે થતું હોય ત્યારે સૌપ્રથમ રાષ્ટ્રગીત અને ત્યારબાદ રાષ્ટ્રગાન ગાવા અથવા વગાડવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનના અધિકૃત શબ્દો તથા યોગ્ય ઉચ્ચારણનું પાલન કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સમગ્ર દેશમાં તેનું ગૌરવ અને એકરૂપતા જળવાઈ રહે. સરકારના તમામ વિભાગો, સંસ્થાઓ અને સંગઠનોને આ માર્ગદર્શિકાનું કડક પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.

રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનું સાચું લખાણ/પાઠ અને સાચું ઉચ્ચારણ ગૃહ મંત્રાલયની વેબસાઈટ https://www.mha.gov.in/en/documents/national-flag-emblem-anthem પર ઉપલબ્ધ છે.

આ સાથે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનના ગાન/વાદન અંગે તા.૧૩ જુલાઈ, ૨૦૨૬એ જાહેર કરેલી મૂળ માર્ગદર્શિકા સામેલ છે જેની તમામ સરકારી વિભાગો, સંસ્થાઓ તથા સૌ નાગરીકોએ નોંધ લેવા વિનંતી છે.

# માર્ક ઝૂકરબર્ગે માગી માફી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૫**

મેટાના CEO માર્ક ઝૂકરબર્ગે પ્લેટફોર્મ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યૂઝ મટીરિયલ અને ડીપફેક ટેકનોલોજીના દુરુપયોગ બદલ સત્તાવાર માફી માંગી છે. કન્ટેન્ટ મોડરેશન અને ડિજિટલ સુરક્ષામાં થયેલી ગંભીર ચૂક સ્વીકારી, તેમણે ઊંડો અફસોસ વ્યક્ત કર્યો. ઝૂકરબર્ગે યુઝર્સની સુરક્ષા અને ડિજિટલ કન્ટેન્ટની વિશ્વસનીયતા સુધારવા માટે જરૂરી પગલાં લેવાની ખાતરી આપી છે.

મેટાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) માર્ક ઝૂકરબર્ગે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર થયેલી ગંભીર ચૂક બદલ સત્તાવાર રીતે માફી માગી છે, અને પોતાની ભૂલો પર ઊંડો અફસોસ વ્યક્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, મેટા પ્લેટફોર્મ્સ પર ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યૂઝ મટીરિયલ (CSAM), ડીપફેક ટેકનોલોજીના દુરુપયોગ અને અલ્ગોરિધમ સંચાલનમાં કેટલીક ગંભીર ખામીઓ અને ભૂલો સામે આવી હતી. આ ગરબડ બાદ ઝૂકરબર્ગે સ્વીકાર્યું છે કે, કન્ટેન્ટ મોડરેશન અને ડિજિટલ સુરક્ષા જાળવવામાં પ્લેટફોર્મથી ક્ષતિઓ થઈ છે.

માર્ક ઝૂકરબર્ગે ખાસ કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી અમુક વિવાદિત અને વાંધાજનક વીડિયો હટાવવા, તેમજ કન્ટેન્ટ નિયંત્રણમાં થયેલી ગરબડ અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે આશ્વાસન આપ્યું છે કે, કંપની પોતાના યુઝર્સની સુરક્ષા અને ડિજિટલ કન્ટેન્ટની વિશ્વસનીયતા સુધારવા માટે જરૂરી પગલાં લઈ રહી છે.

# ૨૦ મિનિટમાં ૭ ધડાકાથી ધ્રૂજ્યું દુબઈ, આકાશમાં ઉઠ્યા ધુમાડાના ગોટેગોટા

**ધડાકા જાબેલ અલી પોર્ટ અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં થયા હતા, જે UAEનું મહત્વપૂર્ણ બંદર અને ઈંધણ વિતરણ કેન્દ્ર માનવામાં આવે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**દુબઈ, તા.૦૫**

એક તરફ ઓમાન અને ઈરાન વચ્ચે ખાડીમાં સ્થિતિ સામાન્ય કરવા માટે વાતચીત ચાલી રહી છે. હોર્મુઝને લઈને સમજૂતીની વાત વચ્ચે સંયુક્ત આરબ અમીરાતનું દુબઈ શહેર ફરી નિશાન પર આવ્યું છે. અહીં બુધવારે વહેલી સવારે અફરાતફરી મચી ગઈ હતી, જાબેલ અલી ઔદ્યોગિક વિસ્તારમાં સતત અનેક જોરદાર ધડાકા થયા હતા. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં આકાશમાં ધુમાડાના મોટા-મોટા ગોટેગોટા ઉઠતા જોવા મળ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભય ફેલાઈ ગયો હતો.

ઈરાનની સરકારી સમાચાર એજન્સી મેહરના જણાવ્યા અનુસાર, અમીરાતી અધિકારીઓએ દાવો કર્યો કે, લગભગ ૨૦ મિનિટમાં ઓછામાં ઓછા ૭ ધડાકા થયા હતા. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે આ વિસ્ફોટોનું કારણ શું હતું અને સત્તાવાર રીતે પણ તેનું કારણ જાહેર કરવામાં આવ્યું નથી. ધડાકા જાબેલ અલી પોર્ટ અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં થયા હતા, જે UAEનું એક મહત્વપૂર્ણ બંદર અને ઈંધણ વિતરણ કેન્દ્ર માનવામાં આવે છે. આ ઉપરાંત તેને લોજિસ્ટિક્સ હબ પણ કહેવામાં આવે છે. સદનસીબે, અત્યાર સુધી કોઈના ઘાયલ થવાની કે મોટા નુકસાનની માહિતી સામે આવી નથી.

ઘટના બાદ સોશિયલ મીડિયા પર ધડાકા અને આગના વીડિયો ઝડપથી વાયરલ થવા લાગ્યા હતા. અહેવાલો અનુસાર, અમીરાતી અધિકારીઓએ ઘટનાનો વીડિયો બનાવનારા ૨ લોકોને કસ્ટડીમાં લીધા છે. મેહર સમાચાર એજન્સીએ દાવો કર્યો કે આ ધડાકા યમનથી છોડવામાં આવેલી મિસાઈલોને કારણે થયા હતા. જ્યારે અમીરાતના સ્થાનિક મીડિયાએ માત્ર એટલું જ કહ્યું કે, અનેક ધડાકાના અવાજો સંભળાયા હતા, પરંતુ મિસાઈલ હુમલો થયો હોવાની કે અન્ય કોઈ કારણની સત્તાવાર પુષ્ટિ કરી નથી. આ દરમિયાન, નાસાની થર્મલ ઈમેજરીનો હવાલો આપીને સ્થાનિક મીડિયાએ દાવો કર્યો છે કે જાબેલ અલી પોર્ટ પાસે આવેલા એક ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. આ ગોડાઉનનો ઉપયોગ ઈંધણના સંગ્રહ અને સ્થળાંતર માટે કરવામાં આવે છે. તેનાથી સંકેત મળે છે કે ધડાકા બાદ વિસ્તારમાં મોટી આગ લાગી હતી. લગભગ આ જ સમયે યમનની રાજધાની સનામાં પણ વિસ્ફોટોના અહેવાલો સામે આવ્યા હતા. કેટલાક અહેવાલોમાં તેને હવાઈ હુમલો ગણાવવામાં આવ્યો હતો, જ્યારે કેટલાકે દાવો કર્યો હતો કે યમનથી મિસાઈલો છોડવામાં આવી હતી.

આ કારણે સમગ્ર ઘટનાક્રમને લઈને સ્થિતિ વધુ ગૂંચવાઈ ગઈ છે. કેટલાક સ્થાનિક મીડિયા અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે યમનના હૂથી બળવાખોરોએ જાબેલ અલી ઔદ્યોગિક વિસ્તારને નિશાન બનાવ્યો હોઈ શકે છે. જોકે, અત્યાર સુધી ન તો UAE સરકારે કે ન તો હૂથી જૂથે આ ઘટનાની જવાબદારી સ્વીકારી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે સમગ્ર ખાડી વિસ્તાર હાઈ એલર્ટ પર છે. એટલું જ નહીં, ઓમાન અને ઈરાન વચ્ચે હોર્મુઝને લઈને વાતચીત ચાલી રહી છે અને તે અંતિમ તબક્કામાં છે.

## ડોનાલ્ડ ટ્રમ્પને મારવાનો હતો પ્લાન?

# રાષ્ટ્રપતિ ટ્રમ્પના ગોલ્ફ ક્લબ પાસે કારમાં ગન સાથે સંદિગ્ધની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, રવિવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના લોસ એન્જલસ ક્ષેત્રના ગોલ્ફ કોર્સ પાસેથી એક વ્યક્તિની ધરપકડ કરાઈ હતી. તેની કારમાંથી ગન મળી આવી હતી. બે દિવસ પહેલા તે ત્યાં ટ્રમ્પ ફંડરેઝરની તૈયારીઓનું નિરીક્ષણ કરતો જોવા મળ્યો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કેલિફોર્નિયા મુલાકાત પહેલા લોસ એન્જલસ પાસે આવેલા ટ્રમ્પ નેશનલ ગોલ્ફ ક્લબની બહાર એક શંકાસ્પદ વ્યક્તિની હથિયાર સાથે ધરપકડ કરવામાં આવી છે. લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ ડિપાર્ટમેન્ટ (LACSD) અનુસાર, ધરપકડ કરાયેલ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ 38 વર્ષીય જીનીન જોન ટેલે તરીકે થઈ છે, જે કેલિફોર્નિયાના ડાઉનીનો રહેવાસી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે આરોપીને ગોલ્ફ ક્લબ પાર્કિંગમાં રોકવામાં આવ્યો હતો. તેની કારની તપાસમાં એક પિસ્તોલ અને પ્રતિબંધિત આર્મર-પિયર્સિંગ ગોળીઓ મળી આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ વ્યક્તિ ગોલ્ફ ક્લબ કેમ્પસમાં ફરતો હતો, ફોટા અને વીડિયો લઈ રહ્યો હતો અને સુરક્ષા વ્યવસ્થાની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યો હતો. શંકાસ્પદ વ્યક્તિની હથિયાર રાખવા અને પ્રતિબંધિત દારૂગોળો રાખવાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. આ કેસની તપાસ FBIના જોઈન્ટ ટેરરિઝમ ટાસ્ક ફોર્સ અને અમેરિકન સિક્રેટ સર્વિસ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહી છે. શંકાસ્પદ વ્યક્તિ હાલમાં કસ્ટડીમાં છે અને તપાસ ચાલુ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ આ અઠવાડિયે કેલિફોર્નિયામાં રિપબ્લિકન નેશનલ કમિટી (RNC) ના ભંડોળ એકત્ર કરવાના ડિનરમાં હાજરી આપવાના છે. તેમની મુલાકાત પહેલા કરવામાં આવેલી આ ધરપકડ સુરક્ષા દ્રષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

26 એપ્રિલ, 2026ના રોજ ટ્રમ્પ પર હુમલો કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ વોશિંગ્ટનની એક હોટલમાં વ્હાઈટ હાઉસના પત્રકારો સાથે કોરેસ્પોન્ડન્ટ્સના ડિનરમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે અચાનક ગોળીબાર થયો. પરિસ્થિતિ વધુ વણસી રહી હતી તે જોઈને તેમને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાર્યક્રમ દરમિયાન સાતથી આઠ રાઉન્ડ ગોળીબાર થયો હતો.

## ડોનાલ્ડ ટ્રમ્પ પર ગાળિયો કસાશે

# ૬૦ દેશો પર ટેરિફ વિરુદ્ધ ૨૫ અમેરિકી રાજ્યો કોર્ટમાં

**બળજબરીથી થતી મજૂરીના બહાને ગેરકાયદેસર આયાત ડ્યૂટી ઝીંકવાનો ગંભીર આરોપ લગાવ્યો**




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૫**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી અને વિવાદાસ્પદ ટેરિફ નીતિ ફરી એકવાર કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. ડેમોક્રેટિક પાર્ટીનું શાસન ધરાવતા અમેરિકાના ૨૫ રાજ્યોએ ટ્રમ્પ વહીવટીતંત્ર સામે બાયો ચડાવી છે અને કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. આ રાજ્યોએ ભારત સહિત ૬૦ જેટલા વેપારી ભાગીદાર દેશોમાંથી આવતી આયાત પર લાદવામાં આવેલા નવા અને આકરા ટેરિફનો સખત વિરોધ કરી તેને પડકાર્યો છે. આ કેસ હવે ટ્રમ્પની વેપાર નીતિઓ માટે એક મોટી કાનૂની કસોટી બની રહેશે.

આ મામલે સોમવારે અમેરિકાના ન્યૂયોર્ક સ્થિત 'યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ'માં સત્તાવાર રીતે દાવો દાખલ કરવામાં આવ્યો છે. આ અરજીમાં ગયા મહિને અમેરિકન સરકાર દ્વારા લાદવામાં આવેલી ૧૦ થી ૧૨.૫ ટકા આયાત ડ્યૂટીને ગેરકાયદેસર ગણાવીને રદ કરવાની માંગ કરવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે, આ નવા ટેરિફ ૧૯૭૪ ના વેપાર અધિનિયમની 'કલમ ૩૦૧' હેઠળ લગાવવામાં આવ્યા છે. ટ્રમ્પ પ્રશાસન પોતાના બચાવમાં દાવો કરે છે કે આ ટેરિફ માત્ર એવા દેશો પર લાદવામાં આવી રહ્યા છે, જે બળજબરીથી મજૂરી કરાવીને ઉત્પાદનો બનાવે છે અને તે નિકાસ રોકવા માટે પૂરતા કડક પગલાં નથી લઈ રહ્યા.

ઓરેગોન અને ન્યૂયોર્ક સહિતના ૨૫ રાજ્યો આ દલીલ માનવા બિલકુલ તૈયાર નથી. આ તમામ ૨૫ રાજ્યોમાં ડેમોક્રેટિક પાર્ટીના ગવર્નર અથવા એટર્ની જનરલ સત્તામાં છે. આ રાજ્યોનો સીધો આરોપ છે કે ટ્રમ્પ પ્રશાસન અદાલતોના અગાઉના ચુકાદાઓને અવગણી રહ્યું છે. અગાઉ કોર્ટે જે વ્યાપક આયાત ટેરિફને ગેરકાયદેસર ઠેરવ્યા હતા, તેને જ હવે અલગ કાનૂની આધાર હેઠળ ફરીથી થોપવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

અરજીમાં સ્પષ્ટ જણાવાયું છે કે, કલમ ૩૦૧ નો ઉપયોગ સામાન્ય રીતે માત્ર અન્યાયી વેપાર કરતા ચોક્કસ દેશો અથવા ઉદ્યોગો સામે જ થાય છે, નહીં કે વિશ્વના તમામ દેશો પર વ્યાપક ટેરિફ લાદવા માટે. બળજબરીથી કરાવાતી મજૂરીનો મુદ્દો માત્ર અગાઉ રદ કરાયેલા ટેરિફને ફરી લાગુ કરવા માટેનું એક બહાનું માત્ર છે. આ વિવાદાસ્પદ ટેરિફની જાહેરાત ૨૪ જુલાઈના રોજ કરવામાં આવી હતી. આ નવા નિયમો ભારત અને યુરોપિયન યુનિયન સહિત કુલ ૬૦ વેપારી ભાગીદાર દેશોમાંથી આયાત થતા સામાન પર લાગુ પડે છે. જોકે, રાહતની વાત એ છે કે કેટલાક દેશોએ બળજબરીથી થતી મજૂરી રોકવા માટે પોતાના કાયદા કડક બનાવ્યા હતા, જેના પરિણામે તેમના ટેરિફ દરમાં આંશિક ઘટાડો કરવામાં આવ્યો છે. અમેરિકાના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, ભારત પર લાદવામાં આવેલો ટેરિફ ૧૨.૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવ્યો છે.

અગાઉ સુપ્રીમ કોર્ટ પણ આપી ચૂકી છે ઝટકો. આ કાનૂની જંગનો ઈતિહાસ ઘણો જૂનો છે. આ જ વર્ષે, અમેરિકાની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો કે 'ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ' રાષ્ટ્રપતિને આખી દુનિયા પર વ્યાપક ટેરિફ લાદવાનો કોઈ વિશેષાધિકાર આપતો નથી. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ, ટ્રમ્પ પ્રશાસને ૧૯૭૪ ના ટ્રેડ એક્ટની કલમ ૧૨૨ નો ઉપયોગ કરીને કામચલાઉ વૈશ્વિક ટેરિફ લાદ્યા હતા. પરંતુ બાદમાં યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડે તેને પણ ગેરકાયદેસર જાહેર કરી દીધા હતા. હવે કલમ ૩૦૧ ના ઉપયોગનો આ નવો વિવાદ પણ કોર્ટની ચોખટ સુધી પહોંચી ગયો છે.




ઈમરાન ખાનની છેલ્લી ફિલ્મ 'કટ્ટીબટ્ટી' ૨૦૧૫માં આવી હતી

# ઈમરાને એક દાયકા બાદ સ્ક્રીન પર પુનરાગમન કન્ફર્મ કર્યું




**ઈમરાને ૨૦૦૮માં રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'જાને તુ યા જાને ના' માં હિરોઇન જેનેલિયા ડિસોઝા બોલીવૂડમાં ડેબ્યુ કર્યું હતુ**




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઈમરાન ખાને એક દાયકા બાદ પોતાના પુનરાગમનની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે તેની આગામી ફિલ્મ 'અધૂરે હમ અધૂરે તુમ'નું શૂટિંગ પુરૂ થઇ ગયું છે અને હાલ ચાલી રહેલું તેનું પોસ્ટ પ્રોડક્શનનું કામ પુરૂ થતાં જ તેને વર્ષના અંત પહેલાં રજૂ કરી દેવામાં આવશે.

૨૦૦૮માં રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'જાને તુ યા જાને ના' માં હિરોઇન જેનેલિયા ડિસોઝા સાથે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં કદમ મુકનારાં ઈમરાન ખાનની છેલ્લી ફિલ્મ 'કટ્ટીબટ્ટી' ૨૦૧૫માં આવી હતી. જેને નિખિલ અડવાણીએ નિર્દેશિત કરી હતી અને આ ફિલ્મમાં તેની સાથે કંગના રનૌત પણ હતી.

ઈમરાન ખાને તેના પુનરાગમનની તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકતાં જણાવ્યું હતું કે, આ એક પરિપક્વ રોમાન્ટિક કોમેડી છે. જેમાં મેં મારી હાલની વયને અનુરૂપ ભૂમિકા ભજવી છે.

આ ફિલ્મમાં ઈમરાન ખાનની હિરોઈન ગુરફતેહ પિરઝાદા છે. આ ફિલ્મને આ વર્ષના અંતે રજૂ કરવામાં આવે તેવી સંભાવના છે.

# 'ગજની'ના વિલન પ્રદીપ રાવતનું બ્લડ કેન્સરથી નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલીવુડમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. આમિર ખાનની સુપરહિટ ફિલ્મો 'ગજની' અને 'લગાન'માં પોતાના દમદાર અભિનયથી ઓળખ બનાવનાર જાણીતા એક્ટર પ્રદીપ રાવતનું ૭૪ વર્ષની વયે અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી બોલીવુડ ઈન્ડસ્ટ્રી અને ચાહકોમાં શોક છવાયો છે. પ્રદીપ રાવતના અવસાન બાદ સોશિયલ મીડિયા પર ફેન્સ અને અનેક બોલીવુડ હસ્તીઓ તેમને શ્રદ્ધાંજલિ આપી રહી છે.

પ્રદીપ રાવતના બિઝનેસ મેનેજર સિદ્ધાર્થ તિવારીએ તેમના નિધનની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે, એક્ટર છેલ્લા ૫ વર્ષથી બ્લડ કેન્સરની બીમારીથી પીડાતા હતા. સારવાર બાદ તેમની તબિયતમાં સુધારો થયો હતો, પરંતુ કેટલાક મહિનાઓ પહેલા કેન્સરે ફરીથી ઉથલો માર્યો હતો. છેલ્લા ૨ મહિનાથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા અને વિતેલા દિવસોમાં તેમની તબિયત વધુ લથડી હતી. આખરે મંગળવારે સાંજે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પરિવારના જણાવ્યા અનુસાર બુધવારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

અભિનેતા સોનુ સૂદે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પ્રદીપ રાવતની એક બ્લેક એન્ડ વ્હાઈટ તસવીર શેર કરતા લખ્યું કે, પ્રદીપ રાવત ભાઈ, તમારી ખોટ હંમેશા સાલશે. આ સિવાય ટીવી એક્ટર આયુષપાલ શર્માએ પણ ઈન્સ્ટાગ્રામ પર તેમને યાદ કરતા 'ગજની'ના વિલન અને 'લગાન'ના દેવા તરીકે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રદીપ રાવત માત્ર હિન્દી જ નહીં પરંતુ તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ફિલ્મોમાં પણ તેમના દમદાર અભિનય માટે જાણીતા હતા. તેમણે પોતાના કરિયરમાં અનેક યાદગાર નકારાત્મક (વિલન) પાત્રો ભજવીને મોટા પડદા પર એક અલગ ઓળખ ઊભી કરી હતી. આમિર ખાનની ફિલ્મ 'ગજની'માં તેમનો મુખ્ય વિલનનો રોલ અને 'લગાન'માં 'દેવા'નું પાત્ર આજે પણ દર્શકોના મનમાં તાજુ છે. પ્રદીપ રાવતના નિધનના સમાચાર સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ચાહકો સતત તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. અનેક લોકો તેમની ફિલ્મોના યાદગાર સીન અને ડાયલોગ શેર કરીને તેમને ભારતીય સિનેમાના શ્રેષ્ઠ કલાકાર ગણાવી રહ્યા છે. તેમના જવાથી સિનેમા જગતે એક એવો કલાકાર ગુમાવ્યો છે જેમના દમદાર અભિનયને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે.

# શ્રાવણમાં પતિ યશ સાથે મહાકાલના શરણે પહોંચી નુસરત જહાં!

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ સાંસદ અને બંગાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ નુસરત જહાં અવારનવાર પોતાની પર્સનલ લાઈફ અને ધાર્મિક આસ્થાને કારણે ચર્ચામાં રહે છે. પવિત્ર શ્રાવણ મહિનાના ખાસ અવસર પર નુસરત જહાં પોતાના પતિ અને અભિનેતા યશ દાસગુપ્તા સાથે મધ્યપ્રદેશના પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર અને ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરના દર્શન કરવા પહોંચી હતી. આ ધાર્મિક યાત્રાના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ નેટિઝન્સ તરફથી મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે, જેમાં નેટિઝન્સ ભારે ટ્રોલ કરી રહ્યો છે.



મધ્યપ્રદેશ પ્રવાસ દરમિયાન નુસરત અને યશે મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર મંદિરમાં ભગવાન શિવના આશીર્વાદ લીધા હતા. વાયરલ થયેલી તસવીરોમાં નુસરત જહાં પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ જોવા મળી રહી છે, જ્યાં તેણે પોતાના કપાળ પર ભસ્મ અને ચંદનનો તિલક લગાવ્યો હતો. બંનેએ વિધિવત રીતે બાબા મહાકાલની પૂજા-અર્ચના કરી હતી અને આરતીમાં ભાગ લીધો હતો.

એક્ટ્રેસ નુસરત જહાં મુસ્લિમ ધર્મમાંથી આવે છે અને હિન્દુ મંદિરોની મુલાકાત લેવા તેમજ હિન્દુ તહેવારો ઉજવવા બદલ ભૂતકાળમાં પણ કટ્ટરપંથીઓના નિશાના પર રહી ચૂકી છે. આ વખતે પણ શ્રાવણ માસમાં જ્યોતિર્લિંગના દર્શન કરવા પર સોશિયલ મીડિયા યુઝર્સના બે ગ્રુપમાં વહેંચાઈ ગયા છે.

કેટલાક કટ્ટરપંથી યુઝર્સે તેના અન્ય ધર્મના મંદિરમાં જઈને પૂજા કરવા પર સવાલો ઉઠાવ્યા હતા અને તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો હતો. બીજી તરફ, નુસરતના ફેન્સ અને સર્વધર્મ સમભાવમાં માનતા લોકોએ તેની આ આસ્થાની પ્રશંસા કરી હતી. ચાહકોનું કહેવું છે કે, ભક્તિ અને આસ્થા કોઈ ધર્મની સીમાઓમાં બંધાયેલી નથી હોતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલી વખત નથી કે જ્યારે નુસરત જહાં પોતાના ધાર્મિક આચરણને કારણે ચર્ચામાં આવી હોય. સિંદૂર લગાવવા, દુર્ગા પૂજામાં ભાગ લેવા કે ગણેશોત્સવ ઉજવવા બદલ તેને અનેકવાર ટ્રોલ કરવામાં આવી છે. જોકે, નુસરતે હંમેશા સ્પષ્ટ કર્યું છે કે તે તમામ ધર્મોનો આદર કરે છે અને માનવતા જ તેનો સૌથી મોટો ધર્મ છે.

## એક્ટ્રેસની સ્ટ્રગલ સ્ટોરી

# ૧૬ વર્ષની વયે બોલીવૂડ ડેબ્યૂ, આત્મહત્યાનો પ્રયાસ અને ડિપ્રેશન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ચોથી ઓગસ્ટ ૧૯૮૧ ના રોજ રાજસ્થાનના મકરાનામાં જન્મેલી બોલીવૂડ અને ટીવી ઈન્ડસ્ટ્રીની પ્રખ્યાત એક્ટ્રેસ શમા સિકંદર આજે પોતાનો જન્મદિન ઉજવી રહી છે. ૯ વર્ષની નાની ઉંમરે બ્રાઈટ ફ્યુચરની શોધમાં તેનો પરિવાર મુંબઈ આવ્યો હતો. શરૂઆતના દિવસોમાં ભારે આર્થિક તંગીનો સામનો કરવા છતાં શમાએ હાર ન માની અને રોશન તનેજા સ્કૂલ ઓફ એક્ટિંગમાંથી ટ્રેનિંગ લઈને પોતાના અભિનયના સપનાને પૂરું કર્યું.

૧૬ વર્ષની ઉંમરે કરિયરની શરૂઆત અને 'યે મેરી લાઈફ હે' થી ઓળખઃશમા સિકંદરે માત્ર ૧૬ વર્ષની ઉંમરે વર્ષ ૧૯૯૮માં 'પ્રેમ અગન' ફિલ્મથી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તે આમિર ખાનની સુપરહિત ફિલ્મ 'મન' ઉપરાંત 'અંશ', 'યે મોહબ્બત હે', 'ચાંદ બુઝ ગયા' અને 'બાયપાસ રોડ' જેવી ફિલ્મોમાં જોવા મળી હતી. પરંતુ તેને અસલી લોકપ્રિયતા અને ઓળખ ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી મળી.

વર્ષ ૨૦૦૩માં સોની ટીવીના હિટ શો 'યે મેરી લાઈફ હે'માં 'પૂજા મહેતા'ના પાત્રથી તે રાતોરાત સ્ટાર બની ગઈ. આ રોલ માટે તેને અનેક એવોર્ડ્સ મળ્યા. આ સિવાય તે 'સેવન' અને 'બાલવીર' જેવા લોકપ્રિય શોમાં પણ જોવા મળી હતી.

શમા સિકંદરે પોતાની જિંદગીના સૌથી કપરા સમય વિશે ખુલ્લીને વાત કરી છે. તેણે ખુલાસો કર્યો હતો કે તે એક સમયે ગંભીર ડિપ્રેશન અને બાયપોલર ડિસઓર્ડર જેવી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાતી હતી. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. જોકે, યોગ્ય સારવાર, પરિવારની સંભાળ અને મનોબળના આધારે તેણે આ ગંભીર બીમારીને માત આપીને નવી જિંદગી શરૂ કરી. અહીંયા તમારા જાણકારી માટે કે શમા માત્ર એક મલ્ટિ ટેલેન્ટેડ જ નથી, પરંતુ તેને છ ભાષાઓ હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી અને મારવાડીનું સારું જ્ઞાન છે. એક્ટિંગ ઉપરાંત તેને ફોટોગ્રાફી, એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગ અને વાયોલિન વગાડવાનો પણ શોખ છે. અંગત જીવનની વાત કરીએ તો, વર્ષ ૨૦૧૬માં તેણે અમેરિકન બિઝનેસમેન જેન્સ મિલિરોન સાથે સગાઈ કરી હતી અને માર્ચ ૨૦૨૨માં ખ્રિસ્તી રીતિ-રિવાજ મુજબ લગ્ન કરીને તે વિદેશમાં સેટલ થઈ ગઈ છે.

# પ્રફુલભાઈ શુક્લ દ્વારા ભેરવીમાં પૂરપીડિત જરૂરિયાતોને વસ્ત્ર વિતરણ કરાયું



**સેવા અને સ્મરણનો સમન્વય થાય ત્યારે સતકાર્ય સાર્થક થાય છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) પારડી, તા.૦૫**

ખેરગામ તાલુકાના ભેરવી ગામે કથાકાર પ્રફુલભાઈ શુક્લના સાંનિધ્યમાં નવસારી જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ ધનજય ભટ્ટ મરોલી, ધર્મેન્દ્ર મિસ્ત્રી નવસારી, દશરથ વ્યાસ, યશ છોટુભાઈ આહીર સાગરા, સુમનભાઈ પટેલ સાગરા, પ્રદ્યુમનભાઈ પટેલ સાગરા, જીતુભાઈ આહીર માણેકપોર, દ્વારા ભેરવી બિપીનભાઈ ઠાકોરભાઈ પટેલના નિવાસે પૂર પીડિત જરૂરિયાતમંદોને ૭૦ પરિવારોને વસ્ત્ર વિતરણ કરાયું હતું. આશીર્વાદ આપતાં કથાકાર પ્રફુલભાઈ શુક્લએ કહ્યું હતું કે, સેવા અને સ્મરણનો સમનવ્ય થાય ત્યારે સતકાર્ય સાર્થક થાય છે. કિશોરભાઈ પટેલ, મુકેશભાઈ સોમનાથ, બચુભાઈ પટેલ જેસીંગભાઈ ભેરવી, ચંદ્રકાત પટેલ દ્વારા વ્યવસ્થા અને સંચાલન કરવામાં આવ્યું હતું. ઓરંગા નદી કિનારે આવેલા ભેરવી નિશાળ ફળીયા, ઝરા ફળીયા, બાપા સીતારામ ફાર્મ, ના રહીશોએ આ સેવા યજ્ઞનો લાભ લીધો હતો. બિપીનભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

તલાટી મંત્રી મહામંડળની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા

# ચીખલી સહિત નવસારી જિલ્લામાં તલાટીઓ દ્વારા પંચાયત સિવાયની રેવન્યુ, ખેતીવાડી સહિતની અન્ય કામગીરી ન કરાતા લોકોના કામ અટવાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૫**

તલાટી મંત્રી મહામંડળની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા તલાટીઓ દ્વારા પંચાયત સિવાયની રેવન્યુ, ખેતીવાડી સહિતની અન્ય કામગીરી ન કરાતા લોકોના કામ અટવાઈ રહ્યા છે, ત્યારે તંત્ર દ્વારા રેવન્યુને લગતી કામગીરી રેવન્યુ તલાટીઓને સોંપી નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી છે.

તલાટી મંત્રી મહામંડળ દ્વારા પડતર માંગણીઓના નિરાકરણની માંગ સાથે ૨/૦૭/૨૬ના રોજથી રેવન્યુ,ખેતીવાડીમાં પેઢીનામાં સહિતની ૫૮ જેટલી વધારાની કામગીરીનો બહિષ્કાર કરી આ કામગીરી ન કરવામાં આવતા લોકોએ મુશ્કેલી વેઠવાની નોબત આવી છે. તલાટીઓ દ્વારા હાલે પંચાયત વિભાગને લગતી જ કામગીરી કરવામાં આવી રહી છે.

ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી પંચાયત વિભાગની પાયાની કેડર છે અને તલાટીઓએ રેવન્યુના ૧૮ અને પંચાયત વિભાગના ૩૨ જેટલા નમૂના નિભાવવાના હોય છે. બીજી તરફ કેટલાક તલાટીઓને બે-બે,ત્રણ ત્રણ ગામનો ચાર્જ હોય છે. તેવામાં તલાટીઓને કામગીરીનું વ્યાપક ભારણ હોય છે. વધુમાં રેવન્યુ તલાટીને સમકક્ષ ગ્રેડ-પે પણ આપવામાં આવતો નથી.

ત્યારે રેવન્યુને લગતી કામગીરી રેવન્યુ તલાટીઓને અને ખેતીવાડીની કામગીરી ગ્રામ સેવક સહિત ખેતીવાડીના કર્મચારીઓને સોંપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. પરંતુ સરકાર દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી. હાલે રેવન્યુ તલાટીઓની નિમણૂક પણ કરી દેવામાં આવી છે અને સેજા પણ ફાળવી દેવાયા છે. પરંતુ તેઓને મામલતદાર કચેરીમાં જ કામગીરી સોંપવામાં આવી છે. અને ગ્રામ્ય કક્ષાની કામગીરી સોંપવામાં ન આવતા લોકોને હાલાકી ભોગવવાની નોબત આવી છે.

સરકાર દ્વારા રેવન્યુને લગતી કામગીરી રેવન્યુ તલાટીઓને અને ખેતીવાડીને સંલગ્ન કામગીરી ખેતીવાડીના કર્મચારીઓને સોંપી પંચાયત વિભાગના તલાટીઓનું ભારણ ઓછું કરવાની માંગણી પણ સંતોષવામાં આવતી નથી. ઉપરાંત રેવન્યુ તલાટીઓ દ્વારા હકારાત્મક અભિગમ દાખવી નોકરી સહિત લોકોની કારકિર્દીને લગતા કામો કરવામાં આવી રહ્યા છે. પરંતુ પેઢીનામા સહિતના કામો અટકી જતા લોકોને કામો અટવાઈ રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા ઝડપથી નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી છે.

ફડવેલના પૂર્વ તાલુકા સભ્ય શ્રી મહેશભાઈના જણાવ્યાનુસાર રેવન્યુ અને ખેતીવાડીને લગતા કામો ન થતાં અરજદારો અટવાઈ રહ્યા છે. અમે આ અંગે ઉચ્ચ અધિકરીઓને રજૂઆત પણ કરી છે. ત્યારે પંચાયત અને મહેસૂલ વિભાગ દ્વારા ઝડપથી નિર્ણય લઈ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે તે જરૂરી છે.

# વાપી આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સમાં રાષ્ટ્રીય રસાયણ દિવસની ઉજવણી કરાઈ







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ અંતર્ગત આર. કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ ખાતે રાષ્ટ્રીય રસાયણશાસ્ત્ર દિવસ તથા આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રાયની જન્મજયંતિ નિમિત્તે સાંસ્કૃતિક સમિતિ દ્વારા સાયન્સ મોડેલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રસાયણશાસ્ત્ર અને માઈક્રોબાયોલોજી વિષયક વિવિધ વૈજ્ઞાનિક મોડેલો રજૂ કરી પોતાની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમનું પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમનું સફળ આયોજન અને સંકલન શ્રીમતી તૃષા દેસાઈ તથા શ્રી અભિષેક પટેલે કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ડૉ.ગુંજન વશી અને શ્રી પિયુષ પટેલે કામગીરી સંભાળી હતી. જેમાં રસાયણશાસ્ત્ર વિભાગમાં પ્રથમ ક્રમે કિશન દુબે, પાર્થ કેન્દ્રે અને શ્રીકાંત પાણિગ્રાહી, દ્વિતીય ક્રમે સૃષ્ટિ યાદવ, ઝુબી પટેલ, પૂજા પાસવાન, અર્પિત આર. પટેલ, ધ્રુવ સી. પટેલ, પિંકલ પી. પટેલ, મેહુલ એમ. વાયડા અને હાર્દિક આર. પટેલ તેમજ તૃતીય ક્રમે વૃંદા તલાવિયા, વૃત્તિ રાઠોડ, ઉન્નતિ રાઠોડ, મેહુલ ગુટકા, શિવમ રાજપરા, ક્રિશા પટેલ, કિનલ પટેલ, ઈશા પ્રેસવાલા, મુસ્કાન પટેલ અને હસીના પટેલ વિજેતા બન્યા હતા. અને માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ ક્રમે સ્નેહા સલુંકે, હેતલ પ્રજાપતિ, વિદિક્ષા પટેલ અને શ્રેયા પટેલ, જ્યારે દ્વિતીય ક્રમે આયેશા શેખ, સાજિયા ખાતૂન, બસંતી પ્રજાપતિ, પ્રીતિકુમારી રામ અને કહકશાન ઝિયા વિજેતા બન્યા હતા.

આ કાર્યક્રમના સફળ અયોજન બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલન દેસાઈ, ડિરેક્ટર ડૉ.મિત્તલ શાહ તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રીમતી સુરભિ ચૌધરીએ અને હેડ ડૉ.પિંકલ પટેલ, શ્રીમતી સુષ્મા ગવઈ, શ્રી ભૂષણ સરોડે અને સર્વ અધ્યાપકો અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, નવીન વિચારશક્તિ અને સંશોધન પ્રત્યેની રૂચિ વિકસાવે છે. અંતે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# વાપી ખાતે પંચાલ સમાજનો સ્નેહ મિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૫**

શ્રી સાબરકાંઠા સેવા સમિતિ વાપી દ્વારા તારીખ ૨જી, ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વાપી સ્થિત ઉપાસના હોલ ખાતે પંચાલ સમાજનો સ્નેહ મિલન સમારોહ તેમજ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ ખૂબ જ ધામધૂમથી અને ઉલ્લાસપૂર્વક યોજાઈ ગયો હતો.

આ ભવ્ય કાર્યક્રમમાં વાપી નોટિફાઈડ મંડળના મહામંત્રી શ્રી બિમલ એન. ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમાજ દ્વારા તેમનું શાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુંબઈ, વલસાડ જિલ્લા, સેલવાસ તેમજ દમણથી મોટી સંખ્યામાં પંચાલ સમાજના ભાઈઓ, બહેનો, બાળકો અને વડીલો હાજર રહ્યા હતા.

મુખ્ય અતિથિ શ્રી બિમલ એન. ચૌહાણે સમાજના લોકો સાથે સંવાદ સાધીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર તેમજ ગુજરાત સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. આ સાથે જ તેમણે સમાજની અક્તા, અખંડિતતા અને ઉન્નતિ માટે સંગઠિત રહેવા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન નાના બાળકો દ્વારા મનોરંજક નૃત્ય અને નાટક (ડ્રામા) રજૂ કરવામાં આવ્યા હતા. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બપોરે સમૂહ ભોજન બાદ સાંજના સમયે ભવ્ય ભજન સંધ્યા અને ડાયરાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉપસ્થિત સૌ કોઈએ સંગીતમય આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કાર્યક્રમની ભવ્ય સફળતા બદલ મુખ્ય મહેમાન શ્રી બિમલ ચૌહાણે આયોજક શ્રી દીપકભાઈ પંચાલ, શ્રી રાજેશભાઈ પંચાલ, શ્રી પુનિતભાઈ પંચાલ,શ્રી નારણભાઈ પંચાલ તેમજ સમિતિના તમામ ટ્રસ્ટીશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સમાજનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશ દાદરા નગર...**

ખેલાડીઓનો આગળ વધવાનો આત્મવિશ્વાસ વધારનારા સ્પોર્ટ્સ વિભાગના અધિકારી શ્રી અક્ષય કોટલવાર, શ્રી દેવરાજ તેમજ સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર શ્રી મહેશ તથા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ઝંડાચોક સેલવાસના પીટી શિક્ષક અને પ્રિન્સિપાલશ્રીનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે શ્રી પ્રથિત રાજેન્દ્ર રસૂલિયાએ સેલવાસામાં ખેલો ઈન્ડિયા સ્ટેટ એક્સેલન્સ સેન્ટર બાબતે વાત કરતા જણાવ્યું હતું કે, સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વમાં ટચૂકડા સંઘપ્રદેશમાં આ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે અને ત્યારથી જ આર્ચરી રમતમાં તેમની રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રમાં પસંદગી થઈ હતી. તેમણે આ સફળતાનું શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલને આપતાં હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે યાદ રહે કે, ભારત સરકારે એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સ્ટેન્ડેડ રિયાલિટી (AVGC-XR) ક્ષેત્ર માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીસ (IICT)ને રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર તરીકે સ્થાપિત કર્યું છે. આ કેન્દ્ર મીડિયા અને મનોરંજન ક્ષેત્રે નવીનતા, કૌશલ્ય વિકાસ અને વૈશ્વિક સહયોગને વેગ આપે છે. 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્ર'નો હેતુ ઓલિમ્પિક અને અન્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે ખેલાડીઓને તાલીમ આપવાનો છે. ભારતીય રમતગમત પ્રાધિકરણએ દેશભરમાં રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રો (NCOE) સ્થાપ્યા છે જેથી પ્રતિભાશાળી ખેલાડીઓને અદ્યતન માળખાકીય સુવિધાઓ અને રમતગમતની સુવિધાઓ, રમત વિજ્ઞાનનું સમર્થન, પ્રશિક્ષિત પોષણ નિષ્ણાતો દ્વારા નક્કી કરાયેલ વ્યક્તિગત આહાર તેમજ શ્રેષ્ઠ કોચ, લાયક સહાયક સ્ટાફ અને ઉચ્ચ પ્રદર્શન નિર્દેશકોના સર્વાંગી માર્ગદર્શન હેઠળ વિશેષ તાલીમ મળી શકે. 'રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રો' ભારતમાં ઉપલબ્ધ શ્રેષ્ઠ પ્રતિભાઓ માટે નિયમિત તાલીમ શિબિરો તરીકે કાર્ય કરે છે અને સંભવિત ખેલાડીઓની સતત શ્રેણી તૈયાર કરે છે, જેના કારણે રાષ્ટ્રીય ટીમોની પસંદગી માટે પ્રતિભા અને સતત પ્રદર્શનના વ્યાપક વિકલ્પો ઉપલબ્ધ થાય છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સુપ્રીમ કોર્ટને મળશે...**

સુપ્રીમ કોર્ટમાં કેસોનો ઝડપી નિકાલ લાવવા માટે ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરવામાં આવી છે. કાનૂન મંત્રીએ જણાવ્યું કે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ જ્યારે સુપ્રીમ કોર્ટની સ્થાપના થઈ ત્યારે માત્ર ૮ ન્યાયાધીશો જ હતા. સમય જતાં કેસોનું ભારણ વધતા આ સંખ્યામાં વધારો કરાયો છે. આ માટે કેન્દ્રીય મંત્રીમંડળે ૫ મે ૨૦૨૬ ના રોજ મંજૂરી આપી હતી અને ત્યારબાદ અધ્યાદેશ લાવીને ૧ જૂન ૨૦૨૬ થી ૫ નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી હતી.

સંસદમાં ચર્ચા દરમિયાન કાનૂન મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે ન્યાયતંત્ર પર સતત વધી રહેલું કામનું ભારણ, ન્યાયિક બાબતોના બદલાતા સ્વરૂપ અને ઉભરતા બંધારણીય તથા કાનૂની મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવી એ સમયની માંગ અને સમયસરનો સુધારો છે.

અદાલતોમાં કેસો પેન્ડિંગ રહેવાના કારણો અંગે વાત કરતા કાનૂન મંત્રીએ કહ્યું હતું કે તેના ઘણાં કારણો છે, પરંતુ મુખ્ય કારણ તથ્યોની જટિલતા છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે શબરીમાલા કેસ અને તેના જેવા અન્ય ઘણા કેસો આવી જ જટિલતા ધરાવે છે જે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવે છે. નવા ન્યાયાધીશોની નિમણૂક બાદ સુપ્રીમ કોર્ટે ૪ વિશેષ બેંચોની રચના કરી છે. આ બેંચો માત્ર સૌથી જૂના સિવિલ અને ક્રિમિનલ કેસોની સુનાવણી કરશે અને તેમને દૈનિક રૂટિન કેસોની સુનાવણીમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. તેનો મુખ્ય હેતુ વર્ષોથી અટકેલા કેસોનો સમયસર નિકાલ કરીને સામાન્ય લોકોને ઝડપી ન્યાય આપવાનો છે.

આ બિલ અંગે વાત કરતા અર્જુન રામ મેઘવાલે માહિતી આપી હતી કે સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ પરની ચર્ચામાં કુલ ૩૩ સાંસદોએ ભાગ લીધો હતો. તમામ સાંસદોએ પોતપોતાના કિંમતી સૂચનો અને વિચારો રજૂ કર્યા તે બદલ મંત્રીએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. અદાલતોના કામકાજને વધુ આધુનિક અને ડિજિટલ બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ન્યાયિક માળખાને મજબૂત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રૂ. ૭૯૫.૫૩ કરોડના ખર્ચે સુપ્રીમ કોર્ટ ભવનના વિસ્તરણનું કામ બે તબક્કામાં ચાલી રહ્યું છે.

કાનૂન મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે ન્યાયાધીશોની નિમણૂક બંધારણના આર્ટિકલ ૧૨૪, ૨૧૭ અને ૨૨૪ મુજબ થાય છે. આ પ્રક્રિયા વર્ષ ૧૯૯૩ અને ૧૯૯૮ ના સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ આધારે તૈયાર કરાયેલા મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર (MoP) મુજબ ન્યાયતંત્ર અને કારોબારીના પરસ્પર સહયોગથી પૂર્ણ કરવામાં આવે છે.

# સુરતમાં દિનદહાડે પ્રેમિકા સામે જ યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત,તા.૦૫**

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી વધુ એક હત્યાની ઘટના સામે આવી છે. ભેસ્તાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ખુલ્લા મેદાનમાં દિનદહાડે સતીશ મરાઠે નામના યુવકની તીક્ષ્ણ હથિયાર વડે નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ભેસ્તાન પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, બપોરે આશરે ૪ વાગ્યાથી ૪:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન સતીશ મરાઠે પર ૪થી ૫ જેટલા શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયાર વડે એક પછી એક ઘા ઝીંકતા સતીશ ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર ઈજાઓના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.


**CHANGE OF NAME**

I have changed my old name from Solanki Sanjaykumar Bhagwansinh to Sanjay Solanki as per documents.

**CHANGE OF NAME**

I have changed my name from (old name) from Sagar Mal Bhukharediya to **Sagar Ganesh Agrawal (new name).** I will be known by my new name Sagar Ganesh Agrawal as per my documents.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM ANKIT NATVARBHAI BHANDARI TO **BHANDARI ANKIT NATWARLAL** AS PER DOCUMENT **ADDRESS :** CHOKIPADA, NAROLI, KHARADPADA - 396235

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM NATVARBHAI BABUBHAI BHANDARI TO NATWARLAL **BABUBHAI BHANDARI** AS PER DOCUMENT **ADDRESS :** CHOKIPADA, NAROLI, KHARADPADA - 396235

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM RASHILABEN NATVARLAL BHANDARI TO RASHILABEN **NATWARLAL BHANDARI** AS PER DOCUMENT **ADDRESS :** CHOKIPADA, NAROLI, KHARADPADA - 396235

**પાવરગ્રિડ POWERGRID**

**નોટિસ**

૧. ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૬૨ અને કલમ ૭૯ (૧) (ડી) અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઑફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ના નિયમન ૧૫ (૧) (એ) અને રેગ્યુલેશન ૨૩ હેઠળ, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફના રેગ્યુલેશનના નિયમો અને શરતો) ૨૦૧૯ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફના રેગ્યુલેશનના નિયમો અને શરતો) ૨૦૨૪ હેઠળ ૨૦૧૯-૨૪ માટે ટ્રાન્સમિશન ટેરિફને ટ્રુ અપ કરવા અને ૨૦૨૪-૨૯ માટે ટ્રાન્સમિશન ટેરિફ નક્કી કરવા માટેની અરજી, **અરજી-૧:** સંપત્તિ-૧: ૪૦૦ કેવી બચાઉ સબ-સ્ટેશનનું લાઈન રિએક્ટર અને સંલગ્ન લાઈન બાયસ સાથે વિસ્તરણ અને સંપત્તિ:૨: **એસ્સાર પાવર ગુજરાત લિમિટેડની કનેક્ટિવિટી માટે ટ્રાન્સમિશન સિસ્ટમ''** હેઠળ એસ્સાર-ગુજરાત ટીપીએસ-બચાઉ ૪૦૦ કેવી ડી/સી (ટ્રિપલ) લાઈન અને **અરજી-૨:** સંપત્તિ-૧: પશ્ચિમ ક્ષેત્રમાં **''ભાટાપરા (પીજી) ખાતે ૧×૫૦૦ એમવીએ, ૪૦૦/૨૨૦ કેવી આઈસીટી (ત્રીજા)ના વિસ્તરણ''** હેઠળ પાવરગ્રીડ ભાટાપરા સબ-સ્ટેશન ખાતે ૦૧×૫૦૦ એમવીએ ૪૦૦/૨૨૦ કેવી ત્રીજા આઈસીટી સાથે સંકળાયેલ ૪૦૦ કેવી અને ૨૨૦ કેવી બાયસ સાથે.

૨. ઉપરોક્ત ટ્રાન્સમિશન સિસ્ટમના લાભાર્થીઓ એમપીપીએમસીએલ, એમએસઈડીસીએલ, જીયુવીએનએલ, ઈડી ગોવા, ડીએનએચડીડીપીસીએલ, સીએસપીડીસીએલ અને સીટીયુઆઈએલ છે; વધુમાં જેકેટીએલ, WRSS XXI(A) ટીએલ અને ઈપીજીએલ માત્ર અરજી-૧માં લાભાર્થીઓ છે.

૩. ટેરિફ વિગતોઃ

**એ. ૨૦૧૯-૨૪ બ્લોક** (₹ લાખમાં)

| અરજી નં. | સંપત્તિ નં. | ડીઓસીઓ/ ઈસીઓડી | ૩૧.૦૩.૨૦૨૪ સુધીમાં પૂર્ણ થવાની કિંમત | | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અરજી -૧ | 1 | 09.08.2021 | 2751.14 | ટ્રુઈંગ અપના આધારે સુધારેલ એએફસી | - | - | 306.15 | 482.11 | 514.17 |
| | 2 | 02.06.2022 | 90244.04 | | - | - | - | 12659.09 | 15118.29 |
| અરજી -૨ | 1 | 11.10.2023 | 2904.40 | | - | - | - | - | 354.15 |

**બી. ૨૦૨૪-૨૯ બ્લોક** (₹ લાખમાં)

| અરજી નં. | સંપત્તિ નં. | ૩૧.૦૩.૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની કિંમત | | 2024-25 | 2025-26 | 2026-27 | 2027-28 | 2028-29 |
|---|---|---|---|---|---|---|---|---|
| અરજી -૧ | સંયુક્ત | 92995.18 | એએફસી | 15205.49 | 14781.47 | 14375.43 | 13981.83 | 13609.04 |
| અરજી -૨ | 1 | 3427.83 | | 675.36 | 715.84 | 744.72 | 740.76 | 738.06 |

૪. ટેરિફ નક્કી કરવા માટે કરવામાં આવેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ www.powergrid.in પર પોસ્ટ કરવામાં આવી છે.

૫. અરજીમાં સમાવિષ્ટ ટેરીફના નિર્ધારણ માટેની દરખાસ્તો પર જો કોઈ સૂચનો અને વાંધાઓ હોય તો, લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ આ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસીટી રેગ્યુલેટરી કમિશન, ૬ઠ્ઠો, ૭મો અને ૮મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી-૧૧૦૦૨૯ને (અથવા અન્ય સરનામું જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે) લેખિતમાં રજૂ કરી તેની એક નકલ ઉપરોક્ત અરજદારની કોર્પોરેટ કચેરીએ મોકલી આપવી.

**સ્થળઃ ગુરૂગ્રામ**
**તારીખઃ ૦૬.૦૮.૨૦૨૬**

**સહી/-**
**સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર (કોમર્શિયલ)**

**પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ**
(ભારત સરકારનું સાહસ)
**રજીસ્ટર્ડ ઓફિસઃ** બી-૯, કુતબ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, કટવારીયા સરાઈ, નવી દિલ્હી-૧૧૦ ૦૧૬
**કોર્પોરેટ ઓફિસઃ** ''સૌદામીની'', પ્લોટ નં. ૨, સેક્ટર-૨૯, ગુરૂગ્રામ-૧૨૨૦૦૧, (હરિયાણા)
**ફોન :** 0124-2571700-719, **વેબસાઈટ:** www.powergrid.in, **CIN :** L40101DL1989GOI038121
**એક મહારત્ન સરકારી સાહસ**

PG / CC / Notice-50 / Advt-54/26-27 Pamm

**ઓમ્નિબસ ઔદ્યોગિક વિકાસ નિગમ દમણ અને દીવ અને દાદરા અને નગર હવેલી લિમિટેડ**

**જાહેરાત**

**નં. ઓઆઈડીસી/૨/એપીપીપટી.સીએફઓ/૫૧૫/૨૦૨૫-૨૦૨૬/૩૨ તારીખ ૦૫/૦૮/૨૦૨૬**

**ઓઆઈડીસી લિ. યોગ્ય ઉમેદવારો પાસેથી મુખ્ય નાણાકીય અધિકારી (CFO) ના પદ માટે અરજીઓ આમંત્રિત કરે છે, જેને અલ્પકાલીન કરારના આધારે નિયુક્ત કરવામાં આવશે.**

**અરજી સ્વીકારવાની કરવાની છેલ્લી તારીખઃ ૨૦/૦૮/૨૦૨૬**

For details please scan Or visit www.daman.nic.in Mob. No. 9727775397

**ઓઆઈડીસી લિકર વેરહાઉસ, પ્લોટ નં.૨૦, સરકારી ઔદ્યોગિક વસાહત, ટીસીપીએલ કંપની પાસે, મસાટ, ડી.એન.એચ-૩૯૬૨૩૦.**

**No. IP/DMN/2/5/2026-27/396, Dated: 05/08/2026**

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**
**પશુપાલન અને પશુચિકિત્સા વિભાગ - દમણ**
**e- TENDER NOTICE 2026_DAMAN_4909_1**

**પશુપાલન વિભાગ, દમણ નિમ્નલિખિત ટેન્ડરમાં ભાગ લેવા માટે લાયક ઠેકેદાર/પાર્ટીઓ/એજન્સી/સપ્લાયરોને સુકા ઘાસની ગાંસડીઓ અને જુવાર/મકાઈનું કુટ્ટી (કટકા કરેલો ચારો) પૂરૂં પાડવા આમંત્રિત કરે છે, જેની વિગતો નીચે મુજબ છેઃ 2026_DAMAN_4909_1 dated 31/07/2026**
**ડાઉનલોડ છેલ્લી તારીખ:21/08/2026**
**હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખઃ 21/08/2026**
**બીડ ખોલવાની તારીખ : 22/08/2026**

For details please scan https://ddtenders.gov.in

**ડિરેક્ટર કમ જોઈન્ટ સેક્રેટરી (પશુપાલન) દમણ**

**No. IP/DMN/2/5/2026-27/397, Dated: 05/08/2026**


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડના ત્રણેય વકીલ મંડળના વકીલો હાઈકોર્ટના ગેરકાયદે નોટિફિકેશનના વિરોધમાં હડતાલ ઉપર ઉતરી વિરોધ કર્યો




## કોર્ટ કેસ કાર્યવાહીમાં ટાઈપ પેપર ફરજીયાત રજૂ કરવાના નોટિફિકેશનનો વકીલોએ વિરોધ કર્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વલસાડમાં આજે બુધવારે ત્રણેય વકીલ મંડળના વકીલોએ હાલમાં જાહેર કરાયેલ હાઈકોર્ટના નોટિફિકેશનનો વિરોધ કરવા કામથી અળગા રહીને તમામ વકીલો હડતાલ ઉપર ઉતર્યા હતા.

વલસાડ વકીલ મંડળના પ્રમુખ અમીત વોરાએ જણાવ્યું હતું કે, આજે વકીલો દ્વારા હડતાલ પાડવાનો મુખ્ય મુદ્દો એ છે કે, નામદાર હાઈકોર્ટ દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કોર્ટ કાર્યવાહીમાં પેનથી લખેલા પેપર માન્ય ગણાશે નહી. ટાઈપ ફોરમેટમાં પેપર દરેક વકીલે રજૂ કરવા પડશે. આ નોટિફિકેશન વહેવારુ નથી. પ્રેક્ટિકલ પણ નથી તેથી તમામ વકીલો નોટિફિકેશનના વિરોધમાં એક દિવસ કામથી અળગા રહીને હડતાલ ઉપર રહ્યા છે. વકીલોએ વધુમાં જણાવ્યું હતું કે, એક દિવસમાં વિવિધ કોર્ટમાં હાજરી આપવી પડતી હોય છે. અસીલ અને વકીલ માટે સુલભ નથી. ક્યારેક સુનાવણીમાં તાત્કાલિક પેપરની જરૂર પડે તો ટાઈપ ફોરમેટ શક્ય નથી. હાથથી લખી પેપર આપવું પડે છે. ગુજરાત બાર કાઉન્સિલ આ મુદ્દે લડત આપનાર છે. આજની હડતાલમાં વલસાડ ડીસ્ટ્રીક્ટ વકીલ મંડળ વલસાડ વકીલ મળી ત્રણેય એસોસિએશન જોડાયુ છે.

# પારડી વકીલ મંડળના તમામ વકીલો હડતાલ પર ઉતરી નિર્ણય ન આવે તો ચોક્કસ મુદતની હડતાલની ઉચ્ચારેલી ચિમકી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૫**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ નવુ સર્ક્યુલર વકીલોને નુકસાન થાય એવુ હોય સમગ્ર ગુજરાતમાં વલસાડ સહિત પારડી વકીલ મંડળના તમામ વકીલો આજે કામકાજથી અળગા રહી હડતાલ પર ઉતર્યા હતા અને જો ગુજરાત હાઈકોર્ટનું નવું બનાવેલ નોટિફિકેશન બદલવામાં ન આવે તો ચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા હાલમાં કોર્ટમાં વપરાતા પેપરમાં A4 સાઈઝના પેપરો જ ફરજિયાત ઉપયોગમાં લેવા પિટિશન, એફિડેટ, અપીલ, અરજી, ઓર્ડર, જજમેન્ટ, યાચીકા, શપથપત્ર તથા અન્ય દસ્તાવેજો માટે એફોર સાઈઝના પેપરો જ ઉપયોગમાં લેવા તથા ગુજરાત હાઈકોર્ટે નક્કી કરેલ અને જણાવ્યા મુજબના font તેમજ સાઈઝનો ઉપયોગ કરવાનો નવું સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યું છે.

અગાઉ વકીલો પક્ષકારોના નામો બોલપેનથી લખતા આવ્યા હોય જે ગુજરાત હાઈકોર્ટે બંધ કરી પોતે નક્કી કરેલ ફોન્ટ્સ અને સાઈઝમાં જ A4 સાઈઝના પેપરમાં જ ટાઈપ કરી લખવાનું નક્કી કરતા ગુજરાતના તમામ કોર્ટના વકીલોએ પોતાને નુકસાન થતું હોવાનું જણાવી આ નવા સર્ક્યુલરનો વિરોધ કરી તારીખ ૫-૮-૨૦૨૬ ના રોજ કોર્ટનુ કામકાજ બંધ રાખી અને આ દરમિયાન કોઈ પણ પક્ષકારને કોર્ટમાં જવા દીધા ન હતા તથા કોર્ટને કોઈપણ જાતનો સહકાર પણ આપ્યો ન હતો અને તમામ વકીલો પોતે કામકાજથી અળગા રહી હડતાલ પર ઉતર્યા હતા અને જો માંગણી ન સંતોષાય તો આગામી દિવસોમાં અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# વાપી છરવાડામાં ધોળે દિવસે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ડુંગરા પોલીસે ઉકેલ્યો: બે રીઢા ચોરને ઝડપ્યા

## ઝડપાયેલ આરોપી મોહંમદ શહનવાઝ અને તસ્લીમ ઉર્ફે ગોટાની વિરૂધ્ધ અન્ય ગુના નોંધાયેલા છે, ૪૨ હજારનો મુદ્દામાલ જપ્ત



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપીના છરવાડા ગામે ગત તા.૩૦ જુલાઈના રોજ નેહા કોમ્પલેક્ષમાં ખરા બપોરે ઘરફોડ ચોરી થઈ હતી. ગણતરીના દિવસોમાં ડુંગરા પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

વાપીના છરવાડા ગામે નેહા કોમ્પલેક્ષમાં ૩૦ જુલાઈએ બપોરે ૧૨ વાગ્યાના સુમારે બંધ મકાનમાં ચોરી થઈ હતી. જેની ફરિયાદ બાદ ડુંગરા પોલીસે તપાસ હાથ ધરી હતી. ફલેટ નં.૨૦૫નું તાળુ તોડી ચોરટા રોકડા સહિત ઘરેણાની મત્તા ચોરી ગયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલિસીસના આધારે મોહંમદ શહનવાઝ અને તસ્લીમ ઉર્ફે ગોટા નામના બે આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા હતા.

આરોપીઓ પાસેથી બે મોબાઈલ, રોકડા ૨૮ હજાર મળી ૪૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી મોહંમદ શહનવાઝ ઉપર ડુંગરા પોલીસમાં ચોરી અને આર્મ્સ એક્ટના ગુના નોંધાયેલા છે. જ્યારે બીજો આરોપી તસ્લીમ વિરૂધ્ધ ૨૦૨૧ અને ૨૦૨૫માં ઘરફોડ ચોરીના ગુના નોંધાયેલા છે. બન્ને આરોપી સંગીન ગુનાહિત ઈતિહાસના આધારે પોલીસે બન્નેને ઝડપી પાડ્યા છે. આરોપી મોહંમદ શહનવાઝ શેખ રહે.છીરીનો છે મૂળ યુપી જ્યારે બીજો આરોપી તસ્લીમ પણ છીરીમાં રહે છે.

# અતુલ હાઈવે પાર નદી પાસે સ્કોર્પિયોમાં ભીષણ આગ: ચાલકનો બચાવ, કાર બળીને ખાખ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**


વલસાડ જિલ્લાના અતુલ પાર નદી નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર એક ચાલતી સ્કોર્પિઓ કારમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. જોતજોતામાં કાર આગની લપેટમાં આવી ગઈ હતી અને ગાડીમાંથી આગના ગોળા નીકળવા લાગ્યા હતા, જેના કારણે હાઈવે પર થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી અને ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.

આ ભયાનક અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી અને સમયસૂચકતા વાપરવાને કારણે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. ચાલકે સમયસર બહાર નીકળી જવાથી મોટો જાનમાલનો નુકસાન અટકી ગયો હતો. જોકે, કારમાં અચાનક આગ કયા કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે. અમદાવાદ-મુંબઈ હાઈવે પર બનેલી આ ઘટનાને કારણે વાહનોની લાંબી લાંબી કતારો લાગી ગઈ હતી અને મોટો ટ્રાફિકજામ થયો હતો. બનાવની જાણ થતા જ પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવીને હાઈવે પરનો વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો.

# બુરો બુરાઈ ન તજે, ભલો ભલાઈ તજે કેમ? સુખી થવાનો શાશ્વત માર્ગ એટલે ક્ષમા

## નિઃસ્પૃહતા અને કરુણાનું જીવંત મંદિરઃ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

**મંદિરો તો પથ્થરથી બંધાય છે, પરંતુ હૃદયો માત્ર ક્ષમા, કરુણા અને પ્રેમથી જીતાય છે, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના સમગ્ર જીવન દ્વારા ક્ષમાનો આ સનાતન માર્ગ માનવજાતને ચીંધી બતાવ્યો હતો**



વિશ્વભરમાં ભવ્ય મંદિરોના નિર્માણ માટે જાણીતી અને ૨૦૦૭માં ૭૧૩ મંદિરોના નિર્માણ બદલ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવનાર BAPS સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું જીવન માત્ર સ્થાપત્યનું નહીં, પરંતુ કરુણા અને ત્યાગનું પણ જીવંત મંદિર હતું.

ગીતામાં દર્શાવેલ સ્થિતપ્રજ્ઞતા તેમણે આત્મસાત્ કરી હતી. વિશ્વપ્રસિદ્ધ વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રણેતા અને પ્રચારક તરીકે તેમનું સ્થાન અવિસ્મરણીય છે.

**ધન અને વૈભવ પ્રત્યે નિઃસ્પૃહતાઃ** ખેડા જિલ્લાના બોચાસણમાં તેમણે સર્વપ્રથમ શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરેલું. તે વખતે BAPS સંસ્થાની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હતી. એવામાં એક ચમત્કાર સર્જાયો. બોચાસણ મંદિરના પાયા ખોદતાં તેમાંથી સોના અને ચાંદીના સિક્કાઓ ભરેલો એક ચરુ મળ્યો. સંતો અને ભક્તો ભગવાનની આ કૃપાવર્ષાથી આનંદિત થઈ શાસ્ત્રીજી મહારાજ પાસે દોડી ગયા.

શાસ્ત્રીજી મહારાજે શાંતિથી સૌને કહ્યું, ''લક્ષ્મીજી પધાર્યા તે ખૂબ આનંદની વાત છે, પરંતુ આપણે તેમને સન્માનપૂર્વક પાયામાં જ પધરાવીશું. લક્ષ્મીજી ભગવાન નારાયણના ચરણોમાં શોભશે. તેમની ભગવાન નારાયણ સાથે મૂર્તિ પધરાવીશુ. પછી તેઓ હંમેશા આપણી સાથે જ રહેશે.''

શાસ્ત્રીજી મહારાજની આવી અદ્ભુત નિઃસ્પૃહતા જોઈ સૌ અચંબિત થઈ ગયા!

**અપરાધી પર પણ કરુણાની ગંગાઃ** આવી નિઃસ્પૃહતા અને દયાના અનેક પ્રસંગો તેમના જીવનમાં જોવા મળે છે. અટલાદરા મંદિરના નિર્માણ સમયની આ વાત છે.

સંસ્થાની આર્થિક સ્થિતિ નબળી હતી, પણ સંતો-ભક્તોના પરિશ્રમથી કાર્ય આગળ વધી રહ્યું હતું. મંદિરની સાથે ધર્મશાળા સહિતનાં અન્ય મકાનોનું બાંધકામ પણ ચાલી રહ્યું હતું.

### સિક્કાની ત્રીજી બાજુ




પાદરા નજીકના એક ગામનો કુંભાર ઈંટો પૂરી પાડતો હતો. તેણે એકવાર લાલચમાં આવીને ઈંટોમાં મોટા પ્રમાણમાં મીઠું ભેળવી, કાચી ઈંટો મોકલી આપી. મીઠું નાંખવાથી ઈંટો બહારથી લાલચોળ દેખાતી હતી, પણ ભીની થતાં જ ભાંગી જતી હતી. આ કાચી ઈંટોના કારણે ચણેલી એક દીવાલ ધડાકાભેર ફસડાઈ પડી અને સંસ્થાને મોટું નુકસાન થયું.

થોડા દિવસ પછી પેલો કુંભાર પૈસા લેવા આવ્યો ત્યારે વ્યવસ્થાપકે તેને કાચી ઈંટોની ફરિયાદ કરી નુકસાની બદલ નમ્રતાપૂર્વક રાહત કરી આપવા વિનંતી કરી. પરંતુ પોતાની પોલ છતી થઈ જતાં કુંભાર ગાળાગાળી પર ઊતરી આવ્યો. શાસ્ત્રીજી મહારાજ ત્યાં પહોંચી ગયા. તેઓ કુંભારના કપટથી વાકેફ હોવા છતાં, તેમણે મામલો શાંત કરવા એક પણ રૂપિયો કાપ્યા વગર પૂરેપૂરી રકમ ચૂકવી દીધી અને ઉપરથી તેને પ્રસાદ આપી રાજી કર્યો!

વ્યવસ્થાપકે નારાજગી દર્શાવી ત્યારે મહારાજશ્રી બસ એટલું જ બોલ્યાઃ ''આપણે બે ઘરે વધારે ભિક્ષા માંગી લઈશું. એ બાપડો રાજી થયો ને!''

**બુરો બુરાઈ ન તજે, ભલો ભલાઈ તજે કેમ?**

આ પ્રસંગના ત્રણ-ચાર મહિના પછી પેલો કુંભાર દોડતો શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં આવી પોતાની પાઘડી મૂકી પોંકેપોંકે રડવા લાગ્યો.

શાસ્ત્રીજી મહારાજે તેના માથે હાથ મૂકી આશ્વાસન આપ્યું. કુંભારે રડતાં રડતાં કહ્યું, ''સ્વામી, રક્ષા કરો! મારે આપઘાત કરવાનો વારો આવ્યો છે. છાનીછૂપીથી સરકારી જમીનમાંથી માટી ખોદવા બદલ મને સરકારી મોટો દંડ થયો છે. ઘરબાર અને ઘરવાળીના દાગીના વેચું તોય પૂરા થાય તેમ નથી.''

કુંભારે આગળ કહ્યું, ''જે અધિકારીએ દંડ ફટકાર્યો છે તે આપનો ભગત છે, જો આપ ભલામણ કરો તો મુક્તિ મળે.''

શાસ્ત્રીજી મહારાજે તુરંત જ તે અધિકારીને બોલાવીને કુંભારના દંડમાં મોટી રાહત કરાવી આપી.

જે માણસે સંસ્થાને છેતરી હતી, એ જ માણસને સંકટની ઘડીએ શાસ્ત્રીજી મહારાજે પોતાના આશ્રયથી ઉગારી લીધો!

''બુરો બુરાઈ ન તજે, ભલો ભલાઈ તજે કેમ?'' – શાસ્ત્રીજી મહારાજે આ ઉક્તિને પોતાના જીવનથી સાકાર કરી બતાવી.

મંદિરો તો પથ્થરથી બંધાય છે, પરંતુ હૃદયો માત્ર ક્ષમા, કરુણા અને પ્રેમથી જીતાય છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના સમગ્ર જીવન દ્વારા ક્ષમાનો આ સનાતન માર્ગ માનવજાતને ચીંધી બતાવ્યો હતો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ગુરુવર્ય, અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પાવન ચરણોમાં કોટિ કોટી વંદના.

# વલસાડમાં પૂરના કારણે સ્કૂલ વર્ગખંડની દિવાલ ધરાશયી, સ્માર્ટ ટીવી, કોમ્પ્યુટર, સ્કૂલ સ્ટેશનરી ફર્નિચરને નુકસાન પહોંચ્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વલસાડ જિલ્લામાં ગત જુલાઈ ૨૪ થી ૨૫ તારીખે આવેલ પુરને લઈ ભારે તારાજી ઠેર ઠેર સર્જાઈ છે. પુરની અસર ધીરે ધીરે બહાર આવી રહી છે. વલસાડની એક સ્કૂલનો વર્ગખંડ ધરાશાયી થયો તેથી સ્માર્ટ ટીવી, કોમ્પ્યુટર, સ્કૂલ સ્ટેશનરી, ફર્નિચરને સારૂ એવું નુકસાન પહોંચ્યું છે. વલસાડમાં આવેલી શાહ ખીમજી મૂળજી હાઈસ્કૂલમાં ઘટેલી ઘટના પુરમાં વર્ગખંડોમાં ચારથી પાંચ ફૂટ પાણી ગયું હતું. તેથી પૌરાણિક વર્ગખંડના ઓરડાઓને સારી એવી આડ અસર થઈ હતી. તેથી એક વર્ગખંડની દિવાલ ધરાશાયી થઈ હતી. વર્ગખંડમાં રહેલ સ્માર્ટ ટીવી, કોમ્પ્યુટર, સ્કૂલ સ્ટેશનરી ફર્નિચર ખરાબ થઈ ગયા હતા. શાળાને થયેલ પારાવાર નુકસાન માટે જિલ્લા શિક્ષણાધિકારીની ઓફિસ તરફથી સહાય અપાઈ હતી. બાળકોને પુસ્તકોની મદદ કરાઈ હતી તેમજ ધરમપુર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ તરફથી બાળકોને નોટબુકની મદદ કરવામાં આવી હતી.

# વાપીમાં ટ્રાફિકની સમસ્યા ઉકેલવા માટે મુંબઈ-અમદાવાદ તરફ જતી આવતી લકઝરી બસોના પીક અપ પોઈન્ટ જાહેર કરાયા

## ટ્રાવેલ્સ સંચાલકો અને પોલીસ વચ્ચે મળેલ બેઠક બાદ પીક અપ પોઈન્ટનો નિર્ણય લેવાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૫**

વાપી અતિ વિકસીત શહેર બની ચૂક્યું છે. તેથી વાપીથી મુંબઈ તરફ અને મુંબઈથી સુરત-અમદાવાદ તરફ જતી આવતી લક્ઝરી બસો વાપીમાં ટ્રાફિકની સમસ્યા સર્જી રહી છે. તેથી લક્ઝરી બસ ટ્રાવેલ્સ સંચાલકો અને પોલીસ વચ્ચે ખાસ અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં વાપીમાંથી પસાર થતી મુંબઈ તરફ અને સુરત અમદાવાદ તરફ જતી આવતી લકઝરી બસો માટે ખાસ પીક અપ પોઈન્ટ જાહેર કરવામાં આવ્યા છે. હવે પછીથી જે તે પોઈન્ટ ઉપર લક્ઝરી બસો ઉભી રહેશે તેવું પોલીસ દ્વારા જાહેર કરાયેલ છે.

વાપીમાં હાઈવે સર્વિસ રોડ ઉપર પીકઅપ ડ્રોપ પોઈન્ટ નક્કી કરવામાં આવ્યા છે. ટ્રાવેલ્સ સંચાલકો અને પોલીસ વચ્ચે યોજાયેલ બેઠકમાં નક્કી કર્યા મુજબ સુરતથી મુંબઈ તરફ જતી બસો ગુંજન ચાર રસ્તાનો પુલ પુરો થયા પછી સર્વોત્તમ હોટલ સામેની જગ્યા ઉપર બસ પાર્ક કરીને પેસેન્જરોને પીક અપ અને ડ્રોપ કરી શકાશે. તે પ્રમાણે મુંબઈથી સુરત તરફ જતી બસો જીઆઈડીસીનો બ્રિજ પુરો થયા પછી હોટલ તોરલની સામેની જગ્યાએ બસો પાર્ક થશે અને પેસેન્જરોને પીક અપ ડ્રોપ કરી શકશે. વાપી હાઈવે ઉપર ઉભી થતી ટ્રાફિક સમસ્યા ઉકેલ માટે આ નિર્ણય જાહેર હિત માટે લેવાયો છે.